| GJPM040002392021 | સત્યમેવ જયતે | | | | |
|---|---|---|---|---|---|
| | | ફરીયાદ આવ્યા તારીખ | ૧૧–૦૨–૨૦૨૧ | | |
| | | ફરીયાદ રજુ થયા તારીખ | ૧૧–૦૨–૨૦૨૧ | | |
| | | ફરીયાદ નિકાલ થયા તારીખ | ૦૫–૦૩–૨૦૨૬ | | |
| | | સમય ગાળો. | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૫ | ૦૦ | ૨૨ |

**હાલોલના મે.એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં ...**

**<u>ક્રિમીનલ કેસ નં.૧૬૨/૨૦૨૧</u>**

**આંક–**

| **ફરીયાદી** |
|---|
| શ્રી સરકાર. |

**–:: વિરૂધ્ધ ::–**

| **<u>આરોપીઓ</u>** |
|---|
| (૧)અંકિતકુમાર નરવતભાઈ પરમાર,<br>ઉ.વ.૨૧, ધંધો: ખેતી,<br>(૨)સુરેખાબેન ઉર્ફે ભુરીબેન અક્ષયકુમાર પરમાર,<br>ઉ.વ.૨૬, ધંધો: ઘરકામ,<br>(૩)મયુરકુમાર ઉર્ફે ગટી ગણપતભાઈ પરમાર,<br>ઉ.વ.૨૨, ધંધો: ખેતી,<br>(૪)જયેશભાઈ ઉર્ફે જયદિપભાઈ ભારતભાઈ પરમાર,<br>ઉ.વ.૩૩, ધંધો: ડ્રાયવીંગ,<br>તમામ રહે. રાહ તળાવ, તળાવ ફળીયા,<br>તા.હાલોલ,જી.પંચમહાલ. |

**ફરીયાદ :–આઈ.પી.સી. કલમ–૩૨૬,૩૨૫,૩૨૩,૩૬૫,૫૦૪,**
**૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ.**

-----------------------------------------

**ફરીયાદી તર્ફે વિ.વ.એ.પી.પી.શ્રી ડી.એન.શર્મા.**
**તહોમતદાર તર્ફે વિ.વ. શ્રી પી.એન.પરમાર.**

-----------------------------------------

**–:: ચુકાદો ::–**

૧. ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમા એવી છે કે, તા. ૦૩–૦૬–૨૦૨૦ નાં રોજ કલાક : ૨૩–૦૦ વાગે મોજે: સાથરોટા થી રાહતળાવ ગામે રોડ ઉપર આ કામના ફરીયાદીના લગ્ન સબંધની વાત આરોપી ભુરી ઉર્ફે સુરેખા અક્ષયકુમાર પરમારની બહેન કાળીબેન સાથે ગયા બીજા મહીનામા થયેલ અને પંદર દિવસ ઉપર કાળીબેન ફરીયાદીના ઘરે ત્રણ દિવસ રોકાયેલ તે પછી લગ્ન કરી આપવાની વાત થતા પરત તેની માને સોંપી દીધેલ જે કાળીબેન છેલ્લા ત્રણ દિવસથી રાહતળાવ ગામે પોતાની બેન આરોપી ભુરીબેનના ઘરે આવેલ હોય તેણીએ ફોન કરીને મળવા બોલાવેલ જેની જાણ આરોપી ભુરીબેનને થતા ઉપર બતાવેલ તારીખ,ટાઈમ અને જગ્યાએ ફરીયાદી તથા સાહેદો પોતાની મોટર સાયકલ લઈને આવી ઉભી રાખતા આરોપીઓએ કેમ તમે કાળીબેન ને ફોન કરો છો તેમ કહી ખોટી માં–બેન સમાણી ગાળો બોલી આરોપી નં.૧,૩ નાઓએ ફરીયાદીને લાકડીઓથી ડાબા પગે નળાના ભાગે જમણા હાથે બાવળાના ભાગે તેમજ બરડાના ભાગે તથા શરીરે ગેબી ઈજાઓ કરી તેમજ આરોપી નં.૧,૨,૩,૪ નાઓએ લાકડીઓથી સાહેદ શંકરસિંહ કાંતીસિંહ દરબાર નાઓને ડાબા હાથે તેમજ જમણા પગે ઘુંટણના ભાગે પણ ગંભીર ઈજાઓ કરતા તેના ડાબા પગની ઘુંટણની ઢાંકણી ટુટી ગયેલ જેથી તેનાથી ઉભુ થવાતુ ન હતુ અને ફરીયાદી

દિપક તેમની પાસેથી નાસી છુટીને નજીકમા આવેલ ઘરે જતા રહેતા તેની પાછળ દોડીને આ કામના આરોપી ચારેય જણા માર મારી રોડ ઉપર લાવેલા અને સાહેદ બેભાન જેવા થઈ ગયેલ અને દિપક પણ નીચે પડી ગયેલો તે પછી આ કામના આરોપી ચારેય જણાએ બંન્ને સાળા બનેવીને લાતોથી પણ માર મારતા હતા તેવામા બીજા માણસો ભેગા થઈ જતા આ કામના આરોપી ચારેય જણાએ બંન્ને જણાને પકડી મોટર સાયકલ ઉપર બેસાડીને કેમ કાળીને ફોન કરીને હેરાન કરે છે તેમ કહીને ઘરે લઈ જઈ બાંધી રાખીએ તેમ કહીને બાઈક ઉપર બેસાડી તેમના ગામમા તેમના ઘરે લઈ જતા આશરે એકાદ કીલોમીટર જેટલુ દુર રાહતળાવ ગામનના સ્મશાન પાસે જતા સાહેદ વધારે બેભાન જેવો થઈ જતા તેઓ તેમને સ્મશાન પાસે મુકીને જતા રહેલા તેમજ જાનથી મારી નાખવાની ધમકીઓ, આપી એકબીજાની મદદગારી કરી, જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ હોઈ જેથી ઉપરોકત બનાવ અંગેની હાલની ફરીયાદ, ફરીયાદીએ હાલોલ રૂરલ પોલીસ સ્ટેશને ગુ.ર.નં.૧૧૨૦૭૦૭૯૨૦૦૨૩૨/૨૦૨૦ થી ઈ.પી.કો.ક.૩૨૬, ૩૨૫, ૩૨૩, ૩૬૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબની નોંધાવતા તે ફરીયાદની તપાસના આધારે ત.ક.અધિકારીએ તપાસ કરી,લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપી સામે પુરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.

૨. આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપી સામેના ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઈ આ કામના આરોપીને સમન્સ કરતા અને અદાલતમાં ઉપસ્થિત થતા ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૭

અન્વયે આરોપીને તમામ પોલીસ પેપર્સ ની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપી વિરુધ્ધ ગુનહા સબબનુ તહોમતનામુ આંક –૮ થી ફરમાવી આરોપીઓનુ નિવેદન આંક–૯ થી ૧૨ સુધી નોંધવામાં આવતા આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

**3.** હાલના કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબ નો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**<u>ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો.</u>**

| અનુ.નં. | સાહેદની વિગત. | આંક. |
|---|---|---|
| ૧. | સાહેદ શંકરભાઈ હરીશભાઈ બારીયા (પંચ)ની જુબાની. | ૧૪ |
| ૨. | સાહેદ આમીર અલ્લારખા ઘાંચી (પંચ) ની જુબાની. | ૧૭ |
| ૩. | સાહેદ દિપકભાઈ જશવંતસિંહ સોલંકી ( ફરીયાદી) ની જુબાની. | ૨૮ |
| ૪. | સાહેદ મુસ્તુશા નન્નુશા દિવાન( પંચ) ની જુબાની. | ૩૧ |
| ૫. | સાહેદ શારદાબેન કાળીદાસ રાઠોડ ની જુબાની. | ૩૪ |
| ૬. | સાહેદ શંકરભાઈ કાંતીભાઈ પરમાર ની જુબાની. | ૩૭ |
| ૭. | સાહેદ દશરથસિંહ પ્રતાપસિંહ સોલંકી ની જુબાની. | ૬૩ |
| ૮. | સાહેદ કનુભાઈ લલ્લુભાઈ રાઠોડની જુબાની. | ૭૦ |
| ૯. | સાહેદ અનિતાબેન શંકરભાઈ પરમારની જુબાની. | ૭૧ |
| ૧૦. | સાહેદ લક્ષ્મીબેન રતનસિંહ પરમારની જુબાની. | ૭૨ |

**<u>ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો.</u>**

| અનુ.નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧. | આરોપીની શરીર સ્થિતિનુ પંચનામુ. | ૧૫ |
| ૨. | રીકવરી પંચનામુ. | ૧૬ |
| ૩. | ફરીયાદ. | ૨૬ |
| ૪. | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ | ૩૨ |
| ૫. | ઈજા પામનારના મેડીકલ સર્ટીફિકેટ. | ૭૫–૭૬ |

**૪.** ફરીયાદ પક્ષે ઉપરોકત રજુ કરેલ પુરાવા સિવાય વધુ કોઈ પુરાવો રજુ કરેલો નથી.આંક–૭૩ થી સમાધાન પુરશીસ રજુ કરી તથા આંક–૭૪ થી કેસ આગળ ચલાવવા માંગતા નહિ હોવાની પુરશીસ રજુ કરતા ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ કરવામાં આવેલો છે.આમ, પક્ષકારો વચ્ચે ચાલુ ટ્રાયલ દરમ્યાન કોર્ટ બહાર ખાનગી રાહે સમાધાન થઈ ગયેલ હોવાથી સદર કામે આરોપીઓનુ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબ વધારાનુ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૫.** ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી શર્મા ધ્વારા તથા આરોપી તર્ફે વિ.વ.શ્રી ડી.એસ.રાઠોડ ધ્વારા કરવામાં આવેલી મૌખિક દલીલો સાંભળવામા આવી.

**૬.** ઉપરોકત કેસની હકીકત,સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવા ને તેમજ દલીલો ને ધ્યાને લેતા મારી સમક્ષ નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## -:: <u>મુદ્દાઓ</u> ::-

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે, તા. ૦૩-૦૬-૨૦૨૦ નાં રોજ કલાક : ૨૩-૦૦ વાગે મોજે: સાથરોટા થી રાહતળાવ ગામે રોડ ઉપર આ કામના ફરીયાદીના લગ્ન સબંધની વાત આરોપી ભુરી ઉર્ફે સુરેખા અક્ષયકુમાર પરમારની બહેન કાળીબેન સાથે ગયા બીજા મહીનામા થયેલ અને પંદર દિવસ ઉપર કાળીબેન ફરીયાદીના ઘરે ત્રણ દિવસ રોકાયેલ તે પછી લગ્ન કરી આપવાની વાત થતા પરત તેની માને સોંપી દીધેલ જે કાળીબેન છેલ્લા ત્રણ દિવસથી રાહતળાવ ગામે પોતાની બેન આરોપી ભુરીબેનના ઘરે આવેલ હોય તેણીએ ફોન કરીને મળવા બોલાવેલ જેની જાણ આરોપી ભુરીબેનને થતા ઉપર બતાવેલ તારીખ,ટાઈમ અને જગ્યાએ ફરીયાદી તથા સાહેદો પોતાની મોટર સાયકલ લઈને આવી ઉભી રાખતા આરોપીઓએ કેમ તમે કાળીબેન ને ફોન કરો છો તેમ કહી ખોટી માં-બેન સમાણી ગાળો બોલી આરોપી નં.૧,૩ નાઓએ ફરીયાદીને લાકડીઓથી ડાબા પગે નળાના ભાગે જમણા હાથે બાવળાના ભાગે તેમજ બરડાના ભાગે તથા શરીરે ગેબી ઈજાઓ કરી તેમજ આરોપી નં.૧,૨,૩,૪ નાઓએ લાકડીઓથી સાહેદ શંકરસિંહ કાંતીસિંહ દરબાર નાઓને ડાબા હાથે તેમજ જમણા પગે ઘુંટણના ભાગે પણ ગંભીર ઈજાઓ કરતા તેના ડાબા પગની ઘુંટણ ની ઢાંકણી ટુટી ગયેલ જેથી તેનાથી ઉભુ થવાતુ ન હતુ અને ફરીયાદી દિપક તેમની પાસેથી નાસી

છુટીને નજીકમા આવેલ ઘરે જતા રહેતા તેની પાછળ દોડીને આ કામના આરોપી ચારેય જણા માર મારી રોડ ઉપર લાવેલા અને સાહેદ બેભાન જેવા થઈ ગયેલ અને દિપક પણ નીચે પડી ગયેલો તે પછી આ કામના આરોપી ચારેય જણાએ બંન્ને સાળા બનેવીને લાતોથી પણ માર મારતા હતા તેવામા  બીજા માણસો ભેગા થઈ જતા આ કામના આરોપી ચારેય જણાએ બંન્ને જણાને પકડી મોટર સાયકલ ઉપર બેસાડીને કેમ કાળીને ફોન કરીને હેરાન કરે છે તેમ કહીને ઘરે લઈ જઈ બાંધી રાખીએ તેમ કહીને બાઈક ઉપર બેસાડી તેમના ગામમા તેમના ઘરે લઈ જતા આશરે એકાદ કીલોમીટર જેટલુ દુર રાહતળાવ ગામનના સ્મશાન પાસે  જતા સાહેદ વધારે બેભાન જેવો થઈ જતા તેઓ તેમને સ્મશાન પાસે મુકીને જતા રહેલા તેમજ જાનથી મારી નાખવાની ધમકીઓ, આપી એકબીજાની મદદગારી કરી, જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.ક. ૩૨૬, ૩૨૫, ૩૨૩, ૩૬૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલો છે ?

**(૨)** શું હુકમ ?

**૭.** ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**(૧)** નકારાત્મક.

**(૨)** આખરી હુકમ મુજબ.

## –:: <u>કારણો</u> ::–

૮. ઉપરોકત નિર્ણયો મુજબનાં મારા કારણો નીચે મુજબનાં છે.

આરોપી સામેનો હાલનો ગુન્હો ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપી સામેના ગુન્હાની હકીકત ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની હોય છે અને હાલના કેસમાં પણ આરોપી સામેના આક્ષેપિત ગુન્હાની હકીકત સાબીત કરવાનો પુરાવાનો બોજ ફરીયાદ પક્ષ પર રહેલો છે.

૯. આ કામના આરોપી સામે ઈ.પી.કો.ક.૩૨૬,૩૨૫,૩૨૩,૩૬૫,૫૦૪ ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે તે ગુનાના આવશ્યક તત્વો જોવામાં આવે તો :–

– પીનલ કોડ ની **કલમ–૩૨૬** અન્વયેનો ગુન્હો પુરવાર કરવા માટે ના આવશ્યક તત્વો નીચે મુજબછે.

૧) આરોપીએ મહાવ્યથા પહોંચાડી,

૨) આ મહાવ્યથા આરોપીએ સ્વેચ્છાપૂર્વક પહોંચાડી,

૩) આ મહાવ્યથા આરોપીએ,

(ક) ગોળી છોડવાના, ભોંકવાના, અથવા કાપવાના સાધનવડે પહોંચાડી,અથવા

(ખ) જે સાધનને આક્રમક હથિયાર તરીકે વાપરવાથી મૃત્યુ નિપજવા સંભવ હોય તેવા સાધન વડે મહાવ્યથા પહોંચાડી,અથવા

(ગ) આગ કે કોઈ તપાવેલા પદાર્થ વડે મહાવ્યથા પહોંચાડી, અથવા

(ઘ) કોઈ ઝેરી કે ક્ષયજનક પદાર્થ વડે,અથવા સ્ફોટક પદાર્થ વડે મહાવ્યથા પહોંચાડી અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી, કે ગળી

જવાથી કે લોહીમાં ભળાથી માનવ શરીરને હાનિકારક નિવડેતેવા પદાર્થ વડે મહાવ્યથા પહોંચાડી,અથવા કોઈ પ્રાણી મારફતે મહાવ્યથા પહોંચાડી. તેવી હકીકત પ્રસ્થાપિત થવી જોઈએ.

– પીનલ કોડ ની **કલમ–૩૨૫** અન્વયેનો ગુન્હો પુરવાર કરવાના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

(૧)આરોપીએ ભોગ બનનાર ને શારીરીક વ્યથા પહોંચાડી છે,

(૨)આ શારીરીક વ્યથા કલમ–૩૨૦ માં દર્શાવ્યા મુજબ ની મહાવ્યથા હતી,

(૩)આવી ઈજા આરોપીએ સ્વેચ્છાપૂર્વક પહોંચાડી,

– પીનલ કોડ ની **કલમ–૩૬૫** આ આવશ્યક તત્વો જોઈએ તો :–

(૧) આરોપીએ કોઈ વ્યકિત નુ અપહરણ અથવા અપનયન કર્યુ,

(૨) આરોપીએ તે વ્યકિતનુ અપહરણ અથવા અપનયન તેને સદોષ અટકાયતમાં ગુપ્ત રીતે રાખવાના ઈરાદાથી કર્યુ,

(૩)અપહરણ અથવા અપનયન કરવામાં આવ્યુ ત્યારે ઉપર જણાવ્યા મુજબ નો ઈરાદો આરોપી ધરાવતા હતા,તેવી હકીકતો પ્રસ્થાપિત થવી જરુરી છે.

– પીનલ કોડ ની **કલમ–૩૨૩** અન્વયેનો ગુન્હો પુરવાર કરવાના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

૧) આરોપીએ શારીરીક પીડા,રોગ અથવા અશકિત નિપજાવ્યા.

૨) આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે, સ્વેચ્છાપૂર્વક કર્યુ હતુ.

– પીનલકોડની **કલમ–૫૦૪** અન્વયેનો ગુન્હો પુરવાર કરવા માટે નાઆવશ્યક તત્વો નીચે મુજબ ના છે.

૧) આરોપીએ ઈરાદાપૂર્વક કોઈ વ્યકિત નુ અપમાન કર્યુ,

૨) તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગણી હતી,

૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહ– શાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

– પીનલકોડ ની **કલમ–૫૦૬(૨)** અન્વયેનો ગુન્હો પુરવાર કરવા માટે આરોપીઓ દવારા ફરીયાદીને મૃત્યુ નિપજાવવાની ધમકી આપવામાં આવી હોવાની હકીકત પુરવાર થવી જોઈએ.

– પીનલકોડની **કલમ–૧૧૪** મુજબનુ ગુન્હાહિત કૃત્ય પુરવાર કરવા માટે આરોપીઓએ સદર ગુન્હાહિત કૃત્ય એકબીજાની મદદગારી કરવાના ઈરાદાથી, મેળાપીપણામાં કર્યુ હોવાની હકીકત પ્રસ્થાપિત થવી જોઈએ.

**૧૦.** ઉપરોકત આવશ્યક તત્વો ને ધ્યાનમાં લઈ ફરીયાદ પક્ષના પુરાવાનુ વિશ્લેષણ કરવામાં આવે તે પહેલા રેકર્ડ ઉપરના સાહેદોના પુરાવા જોઈએ તો, સદર કામે ફરીયાદ પક્ષે સૌપ્રથમ આંક–૧૪ થી પંચ સાહેદ શંકરભાઈ હરીશભાઈ બારીયા ને તથા આંક–૧૭ થી પંચ સાહેદ આમીર અલ્લારખ્ખા ઘાંચીને તપાસવામાં આવેલા છે. સદર પંચ સાહેદો આરોપીઓની શરીર સ્થિતિ મુદ્દામાલ રીકવરી પંચનામાના પંચ સાહેદો છે સાહેદોએ પોતાના પુરાવામાં પંચનામામા તેમની સહી હોવાનુ ઓળખી બતાવી પંચનામા તેમના પુરાવામાં આંક–૧૫,૧૬ થી રજુ કરેલ છે. આમ, સાહેદોએ પંચનામામા પોતાની સહી હોવાથી વિશેષ કોઈ હકીકત ને સમર્થનકારી હકીકતો નહિ જણાવતા સાહેદોને ફરીયાદ પક્ષ તરફથી વિ.મદદનીશ સરકારી વકીલશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી પુરાવા અધિનિયમ ની કલમ–૧૫૪ અન્વયે આ અદાલતની પરવાનગી સાથે ઉલટ

તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછેલ હોવા છતા આવી ઉલટ તપાસના માધ્યમથી ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર ઉપસી આવેલ નથી. જયારે આ પંચ સાહેદની બચાવ પક્ષે કરવામાં આવેલી ઉલટ તપાસમાં પણ સાહેદે એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, પોલીસ પોતાની રુબરુમા કોઈ ઈસમો પાસેથી કોઈ હથીયાર કબજે કરેલ હોય  કે કોઈ ઈસમોને અટક કરેલ હોય તેવુ બનેલ નથી.આમ, આરોપીઓની શરીર સ્થિતિ તથા રીકવરી પંચનામુ સદર પંચ સાહેદોના પુરાવાથી પુરવાર થતુ નથી.

**૧૧.** તે બાદ સદર કામે ફરીયાદ પક્ષે આંક–૨૮ થી ફરીયાદી સાહેદ દિપકભાઈ જશવંતસિંહ સોલંકીને તપાસવામા આવેલા છે. સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, ૨૦૧૮–૧૯ ની સાલમા પોતાના સબંધની વાત ફરોડ ગામ તા.ધોધંબાના લક્ષ્મીબેન પરમારનાઓ સાથે થયેલી હતી આજથી આશરે બે વર્ષ પહેલા પોતાને સુરેખાબેન નાઓ ફોન કરી જણાવેલ કે લગ્નની વાત કરવાની છે તેવુ જણાવીને રાહતળાવ ગામે મળવા બોલાવેલો હોય પોતે તથા પોતાના જીજાજી શંકરભાઈ કાંતીભાઈ મોટર સાયકલ લઈને રાહતળાવ જવા નીકળેલા. પોતે રસ્તો જોયેલ ન હતો તેથી સુરેખાબેન તથા અંકીતભાઈ તથા તેમની સાથે બીજા બે જણા જેમના નામ પોતાને ખબર નથી તે લોકોબે બાઈક ઉપર પોતાને લેવા માટે સામેથી આવેલા અને સાથરોટા  ગામની બહાર પાણીની ટાંકી પાસે પહોંચેલા ત્યાં પોતાને મળેલા અને આ લોકો આવીને સીધા પોતાને તથા પોતાના બનેવીને માર મારવા લાગેલા. આ લોકોએ અમોને લાકડી વડે, લોખંડની પાઈપ વડે, લોખંડની

એંગલ થી માર મારેલ અને તે વખતે ઘણા બધા માણસો આવી ગયેલા. આ લોકોએ પોતાના બનેવીને ખુબ માર મારેલો. તેઓના હાથે પગે તેમજ શરીરે માર મારેલ અને તેનો હાથ, પગ ભાંગી નાખેલો અને અમો બંને ને જબરજસ્તીથી ઉઠાવીને ગામના સ્મશાનમા લઈ ગયેલા આ લોકો અમોને સળગાવી દેવા ત્યાં લઈ ગયેલા તે વખતે પોતાનજા બનેવી તથા પોતાને આરોપી પૈકી ગટી નામના ઈસમે પોતાના મોઢા ઉપર પેશાબ કરેલા. ત્યાં ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા અને ત્યાર પણ પોતાને માર મારેલો તેથી ત્યાંથી કોઈ કે પોતાની બેન અનીતાબેન ને ફોન કરતા તે અમોને ત્યાં લેવા માટે આવેલા અને પોતાને તથા પોતાના બનેવી ને ૧૦૮ મા જાન્હવી હોસ્પિટલમા સારવાર માટે લઈ ગયેલા. ત્યાં દવા સારવાર કરેલી પોતાને શરીરે ગેબીમાર મારેલ હોય આશરે પાંચ દિવસ દાખલ રાખેલા. પોતાના બનેવી શંકરસિંહ ને હાથે તેમજ પગે ફેકચર થયેલ અને ત્રણ ઓપરેશન કરવામા આવેલા. આ આરોપીઓ એ અમોને માર મારેલ તે વખતે પોતાના બનેવીનો મોબાઈલ ફોન તોડી નાખેલ હતો અને પોતાનો મોબાઈલ લઈ લીધેલ હતો. બનાવ સંદર્ભે પોલીસ ફરીયાદ કરવા માટે પોતાની બહેન અનીતા ગયેલી હતી. પોતે દવાખાનામાંથી રજા મળ્યા બાદ પોલીસ સ્ટેશન ગયેલા અને ફરીયાદ આપેલી. પોતાને આજરોજ તા. ૪–૬–૨૦ ના રોજ ની ફરીયાદ બતાવતા તે જોઈને તેમાની પોતાની સહી ઓળખી બતાવી ફરીયાદ પોતાના પુરાવામા આંક–૨૯ થી રજુ કરેલ છે. આમ, **સાહેદે પોતાની પોલીસ રુબરુની ફરીયાદ હકીકતથી વિરુધ્ધની હકીકત જણાવતા સાહેદને ફરીયાદ પક્ષ તર્ફે વિ.મદદનીશ સરકારી વકીલશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી પુરાવા અધિનિયમ**

**ની કલમ–૧૫૪ અન્વયે આ અદાલતની પરવાનગી સાથે ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછતા** સાહેદે એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, પોતાના સબંધની વાત કાળીબેન રતનસિંહ પરમાર સાથે થયેલ હતી જે ફરોડ ગામ, તા. ઘોઘંબાનીસ હતી. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, આ છોકરી કાળીબેન બનાવના પંદર એક દિવસ પહેલા પોતાના ઘરે આવતી રહેલી જે સંદર્ભે તેની માતા શારદાબેને કાલોલ પોલીસ સ્ટેશનમા અરજી આપતા પોલીસે બોલાવતા પોતે તેને લઈને પોલીસ સ્ટેશન થયેલ ત્યા તેના પરીવારજનો એ પોતાના લગ્ન કરી આપવાની વાત કરેલી અને કાળીબેન ને ત્યાંથી લઈ ગયેલ. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, કાળીબેનની મોટીબેન નુ નામ ભુરી બેન છે. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, બનાવના દિવસે ભુરીબેનના મોબાઈલ ઉપરથી પોતાના મોબાઈલ ઉપર ફોન આવેલો અને પોતાને રાહતળાવ મળવા માટે બોલાવતા પોતે તથા પોતાના બનેવી શંકર કાંતીભાઈ ને તથા સાથે પોતાનો મિત્ર હરીશકુમાર લક્ષ્મણસિંહ સોલંકી બે મોટર સાયકલ લઈને રાહતળાવ નીકળેલ. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, રાહ તળાવથી સાથરોટા જવાના રસ્તા ઉપર મંદિર નજીક રોડ ઉપર જતા આ કાળીબેન તથા સુરેખાબેન ઉર્ફે ભુરી તથા સુરેખાબેનના દીયર અંકીતભાઈ તથા મયુર ઉર્ફે ગટી ગણપતભાઈ પરમાર તથા જયેશભાઈ ભારતભાઈ ચાર જણા ઉભેલા હોય પોતે જોઈ જતા મોટર સાયકલ ઉભી રાખેલ અને પોતે ઉભા રહેતા આ ચારેય જણાઓએ પોતાને મા–બેન સમાણી ગાળો બોલવા લાગેલા. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, માણસોના હાથમા લાકડીઓ હતી અને આ લોકો પોતાને તથા પોતાના બનેવીને લાકડી વડે માર

મારવા લાગેલા. જેથી તેઓ નીચે પડી ગયેલા અને અંકીત તથા ગટીએ લાકડી વડે ડાબા પગે નળાના ભાગે તેમજ જમણા હાથે બાવળા ઉપર અને બરડાના ભાગે ગેબી માર મારેલો. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, ચારે જણા મળી પોતાના બનેવી શંકરસિંહ ને લાકડી અને લાતોથી માર મારતા હતા જેમા તેમને ડાબા હાથે જમણા પગે ગંભીર ઈજા થગયેલી અને બરડાના ભાગે ઈજાઓ થયેલી. તે વખતે પોતાનો મિત્ર હરીશ ત્યાંથી બચી ગયેલો હોય ત્યાં થી નજાસી ગયેલો. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, પોતાના બનેવી શંકરસિંહ ને આ ચારે જણા માર મારતા હોય તેઓના હાથમાથી છુટીને રાહતળાવના સ્મશાનમા લઈ જતા રહેલા અને ત્યાં થી પોતાની બહેન અનીતાને ફોન કરેલો. ત્યારબાદ પોતાની બેન તથા ઘરના મચણસો આવી ગયેલા અને પોતાને ૧૦૮ મા જાન્હવી હોસ્પિટલમા દવા સારવાર માટે લઈગયેલા. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, આજરોજ નામદાર કોર્ટમા હાજર છે તે ત્રણે ઈસમે પોતાને માર મારેલ એક આરોપી આજરોજ હાજર નથી તેવી હકીકત સ્વીકારી છે.

**ત્યારબાદ સાહેદની બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલી ઉલટ તપાસમા સાહેદે** '' પોતે ધોરણ દશ પાસ છે. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, બનાવ પછી પોતાને દવાખાનામા પાંચ દિવસ એડમીટ રાખેલ. એ વાત ખરી નહિ હોવાનુ જણાવેલ છે કે, પોતાને દવાખાનામા પાંચ દિવસ પછી રજા આપેલ ત્યાર પછી પોતે પોલીસમા ફરીયાદ આપેલી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પોલીસ દવાખાને આવેલ હતી. પોતાને દવાખાનામાથી રજા આપી ત્યાર પછી પોતે પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપવા ગયેલ હતા.

એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, પોતાને દવાખાનામાંથી પા દિવસ પછી રજા આપેલી હતી. ફરીયાદ આપવા માટે પોતાની સાથે પોતાની બહેન, પોતાનો ભાઈ તથા પોતાના દાદી સાથે ગયેલ હતા. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, અમો બધાએ સાથેબેસીને ફરીયાદ લખાવેલ હતી. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, પોતે હાલોલ જી.આઈ.ડી.સી. પોલીકેબ યુનીટ–ર મા નોકરી કરતા હતા સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે એક વર્ષ પહેલા નોકરી પુરી થયેલ છે. એ વાત ખરી નહિ હોવાનુ જણાવેલ છે કે, આ કંપની પનોરમા ચોકડી પાસે આવેલ છે. એ વાત ખરી નથી કે પોતે તે કંપનીમા નોકરી કરતા હોય તેથી ત્યાં આજુબાજુના ગામડામા ફરેલા છે. પોતાને કાળીબેન સાથે સબંધ હતો સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પોતાના તેની સાથે લગ્ન નકકી થયેલ હતા. એ વાત ખરી નહિ હોવાનુ જણાવેલ છે કે, પોતે કાળીબેન ને ભગાડી ગયેલ તેથી તેની માતાએ પોતાની વિરુધ્ધ કાલોલ પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપેલ હતી. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, પોતે તે ફરીયાદ અનુસંધાને કાલોલ પોલીસ સ્ટેશનમા હાજર થયેલ હતા. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, ત્યાં પોલીસ સ્ટેશનમા પોતાની સારી ચાલ–ચલગતના જામીન લીધેલા હતા. એ વાત ખરી નહિ હોવાનુ જણાવેલ છે કે, પોલીસ સ્ટેશનેથી કાળીબેન ને તેની માતા ફરોડ ગામે લઈ ગયેલ. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, કાળીબેન ને ફરોડ કે રાહતળાવ લઈ ગયેલા તે પોતે તેની સાથે ગયેલ ન હોય તેથી ચોકકસ ખબરનથી. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, પોતાની ફરીયાદમા બનાવના દિવસે કોના ફોન નંબર ઉપરથી ફોન આવેલ તે ફોન કોનો હતો અને કેટલા વાગે આવેલ હતો તેની વિગત લખાવેલ નથી.

એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, પોતાની ફરીયાદમા કઈ કં પનીની મોટર સાયકલ તેનો નંબર શું હતો તેની વિગત લખાવેલ નથી. એ વાતની પોતાને ખબર નથી કે, પનોરમા ચોકડીથી આગળ જતા સાથરોટા ત્યાંથી આગળ જતા હીરાપુરા  અને ત્યાંથી આગળ જતા વડીયા  અને ત્યારપછી રાહતળાવ આવે છે. બનાવ રાત્રે નવ વાગે બનેલો હતો. એ વાત ખરી નહિ હોવાનુ જણાવેલ છે કે, ત્યારે અં ધારુ હતુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ત્યારે અજવાળી રાત હતી. એ વાત ખરી નહિ હોવાનુ જણાવેલ છે કે, બનાવ બનેલ ત્યારે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ હતા. એ વાત ખરી નહિ હોવાનુ જણાવેલ છે કે, બનાવ વાળી જગ્યાએ કાચો ડામરનો રોડ આવેલ અને આજુબાજુ ઘણી કંપનીઓ આવેલ છે અને ત્યાં માણસોની સતત અવર–જવર હોય છે. એ વાત ખરી નહિ હોવાનુ જણાવેલ છે કે, બનાવ બનેલ ત્યારે બોલાચાલી શરુ થયેલી અને આજુબાજુના ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા હતા. એ વાત ખરી નહિ હોવાનુ જણાવેલ છે કે, દિવસે પોતાને કાળીબેન નુ અપહરણ કરવુ હોવાથી ત્યાં ગયેલા. એ વાત ખરી નહિ હોવાનુ જણાવેલ છે કે, પોતાની વિરુધ્ધ કાળીબેન નુ અપહરણ કરવાનો ગુનો બને નહિ તે માટે પોતે ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, પોતાની ફરીયાદમા એવુ લખાવેલ નથી કે, સાથરોટા ગામની બહાર પાણીની ટાંકી પાસે પહોંચેલા ત્યા અમોને મળેલા અને આ લોકો આવીને સીધા પોતાને તથા પોતાના બનેવીને માર મારવા લાગેલા. આ લોકો અમોને લાકડી વડે, લોખં ડની પાઈપ વડે,લોખંડની એંગલ થી માર મારેલ અને તે વખતે ઘણા બધા માાણસો આવી ગયેલા. તેમજ અમો બંને ને જબરજસ્તીથી

ઉઠાવીને ગામના સ્મશાનમા લઈ ગયેલા. આ લોકો અમોને સળગાવી દેવા ત્યાં લઈગયેલા. તે વખતે પોતાના બનેવી તથા પોતાને આરોપી પૈકી ગટી નામના ઈસમે મોઢા ઉપર પેશાબ કરેલો. ત્યાં બધણા બધા માણસો ભેગા થઈ ગયેલા અને ત્યાં પણ  અમોને માર મારેલો. એ વાત ખરી નહિ હોવાનુ જણાવેલ છે કે, પોતે કાળીબેન ને ઓળખતા હોય તેથી ભુરીબેન અને તેના દીયરને પણ ઓળખે છે. એ વાત ખરી નહિ હોવાનુ જણાવેલ છે કે, પોતે જણાવે છે તેવો કોઈ બનાવ બનેલ ન હોય પરંતુ પોતાને કાળીબેન સાથે લગ્ન કરવા હોય હાલની ખોટી ફરીયાદ આપેલ છે. એ વાત ખરી નહિ હોવાનુ જણાવેલ છે કે, આવો કોઈ બનાવ બનેલ નથી કે આરોપીએ માર મારેલ નથી તેવી હકીકતો સ્વીકારી છે.

**૧૨.** ત્યારબાદ સદરકામે ફરીયાદ પક્ષે આંક–૩૧ થી પંચ સાહેદ મુસ્તુશા નન્નુશા દિવા ને  તપાસવામા આવેલા છે. સાહેદે પોતાના સોગંદ ઉપરના પુરાવામા જણાવેલ છે કે, આજથી આશરે બે વર્ષ પહેલા પોતે હાલોલ રુરલ પોલીસ સ્ટેશન ખાતે આવેલ હતા ત્યારે પોલીસે પોતાની એક તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા પોતે તેમા સહી કરેલી. આ પંચનામુ કઈ બાબતનુ હતુ તે પોતે વાંચેલ ન હતુ. પોતાને આજરોજ બનાવવાળી જગ્યાનુ  પંચનામુ બતાવવામા આવે છે તેમા પંચ નંબર–૨ તરીકે પોતાની સહી છે જે પોતે ઓળખી બતાવતા પંચનામુ સાહેદના પુરાવામા આંક–૩૨ થી રજુ થયેલ છે. વધુમા સાહેદે જણાવેલ છે કે, પોતે પોલીસ સાથે મોજે સાથરોટા ગામે સાથરોટાથી રાહતળાવ જવાના પાકા ડામર રોડ પર ગયેલ હોય અને ત્યાં ફરીયાદી હાજર હોય અને તેઓએ કોઈ જગ્યા બતાવેલ હોય

અને તે બાબતનુ પોલીસે પોતાની રુબરુમા  પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી.

ત્યારબાદ સાહેદની બચાવ પક્ષ તર્ફે કરવામા આવેલી ઉલટ તપાસમા સાહેદે એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે,પોલીસે પોતાની તૈયાર પંચનામામા સહી લીધેલી તે સિવાય બીજુ કશુ જાણતા નથી.

૧૩. ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે આંક–૩૪ થી સાહેદ શારદાબેન કાળીદાસ રાઠોડ ને તપાસવામા આવેલા છે. સાહેદે પોતાના પુંરાવામા જણાવેલ છે કે, બનાવ વિશે કશુ જાણતા નથી. પોતાના ફળીયા કે ગામમા બે વર્ષ પહેલા કોઈ ઝગડો થયેલ હોય તેવુ પોતાને ખબર નથી. પોતે ખેતરમા બનાવેલ પોતાના ઘરમા રહે છે. પોતાના ઘર નજીક કોઈ ઝગડો થયેલ નથી. પોતે શુ જાણતા નથી. પોલીસે કયારેય પોતાની પુછપરછ કરેલી નથી કે નિવેદન લીધેલ નથી  તેવી હકીકત પોતાના નિવેદનથી વિરુધ્ધની જણાવતા સાહેદને વિ.મદદનીશ સરકારી વકીલશ્રીએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી પુરાવા અધિનિયમ ની કલમ–૧૫૪ અન્વયે આ અદાલતની પરવાનગી  સાથે ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછી ઉલટ તપાસ કરતા પણ સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષ ને સમર્થનકારી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવામા ફરીયાદપક્ષ સફળ થઈ શકયો નથી.

ત્યારબાદ સાહેદની બચાવ પક્ષ તર્ફે કરવામા આવેલી ઉલટ તપાસમા સાહેદે એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, બનાવ વિશે પોતાને કોઈ જાત માહીતી નથી.

૧૪. ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે આંક–૩૭ થી સાહેદ શંકરભાઈ કાંતીભાઈ પરમાર ને તપાસવામાં આવેલા છે. સાહેદે પોતાના સોગંદ ઉપરના પુરાવામા જણાવેલ છે કે,પોતાની સાસરી શામળદેવી તા. કાલોલ મુકામે આવેલી છે. દીપકભાઈ જશવંતસીંહ સોલંકી પોતાનો સાળો થાય છે. બનાવ અઢી ત્રણ વર્ષ પહેલા ૨૦૨૦ મા બનેલો. તે વખતે લોક ડાઉન હોય પોતાની પત્ની તથા બાળકો સાથે રોકાવા માટે શામળદેવી આવેલ હતો. અને ત્યા એક મહીનો રોકાયેલ હતો. બનાવના દીવસે પોતાના સાળા દીપકભાઈ પોતાની પાસે આવેલા અને પોતાને કહેલ કે તેને ભુરીબેનનો ફોન આવેલ છે અને તેને મળવા માટે બોલાવેલ છે તેથી તે ત્યા જાય છે અને પોતાને સાથે આવવા માટે કહેલ તેથી પોતે પોતાના સાળા દીપક સાથે મો.સા લઈને તેની સાથે ગયેલો. પોતે અને દીપક ભુરીબેનને મળવા માટે ગયેલા. અમે લોકો જતા હતા તે વખતે રસ્તામા ભુરીબેન અને ત્રણેક જણા રસ્તામા ઉભા હતા તેમા ભુરીબેન તથા અંકીત અને એક ગટીભાઈ હતા અને એક અન્ય ઈસમ હતો તેનુ નામ પોતાને ખબર નથી. તે લોકો પૈકી આજ રોજ એક ભાઈ તથા ભુરીબેન નામદાર કોર્ટમા હાજર છે તે જ છે. તે સીવાયના હાજર નથી. તેઓને જોઈને પોતાના સાળાએ મો.સા ઉભી રાખેલી. અને પોતાનો સાળો ભુરીબેન સાથે વાતચીત કરતો હતો. તેમા બોલાચાલી થતા ભુરીબેન સાથેના ત્રણ ઈસમોએ અમોને લાકડી અને પાઈપ વડે મારવાનુ ચાલુ કરેલુ. પોતાને ડાબા હાથના બાવડા ઉપર અંકીતભાઈએ પાઈપ મારેલી. અને બીજા બધાએ લાકડી વડે પગમા કાંડા ઉપર અને શરીરે માર મારેલો. અને પોતાના સાળા દીપકને પણ આ લોકોએ માર મારેલો. પોતાને હાથમા ફ્રેકચર થયેલુ.

અમોને માર માર્યા બાદ આરોપીઓ પૈકી ગટી અને અંકીતે પોતાના મોઢા ઉપર પેશાબ કરેલો. ત્યારબાદ આરોપીઓમાથી કોઈકે પોતાના ઘરે પોતાની પત્ની અનીતાબેનને ફોન કરેલ અને કહેલ કે આ લોકોને અહીથી લઈ જાવ નહી તો સળગાવી દઈશુ તેમ કહેલ. ત્યારબાદ પોતાની પત્ની, પોતાના સસરા અને પોતાના બીજા સાળા ત્યા આવેલા અને પોતાને ૧૦૮મા દવા સારવાર માટે જહાનવી હોસ્પીટલમા લઈ ગયેલા. ત્યા પોતાના હાથમા સળીયો અને પ્લેટ નાખી ઓપરેશન કરી પોતાની સારવાર કરવામા આવેલી. અને પગના ઘુટણના ભાગે ઈજા થયેલ હોય સારવાર કરવામા આવેલી. બનાવ સંદર્ભે પોતાના સાળા દીપકભાઈએ પોલીસમા ફરીયાદ આપેલ હતી. બનાવ સંદર્ભે પોલીસે પોતાની પુછપરછ કરી પોતાનુનીવેદન લીધેલુ. આરોપીઓએ પોતાને માર મારેલ તે વખતે પોતાનો ફોન પણ તેમણે તોડી નાખેલ હતો.

**ત્યારબાદ સાહેદની બચાવ પક્ષ તર્ફે કરવામા આવેલી ઉલટ તપાસમા સાહેદે** ''બનાવ સંદર્ભને ફરીયાદ પોતાની પત્ની અને પોતાના સાળાએ આપેલ હતી. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે તે ફરીયાદમા શુ લખાવેલુ તેની પોતાને ખબર નથી. એ વાતની પોતાને ખબર નથી કે દીપકભાઈને ભુરીબેન સાથે પ્રેમ સંબંધ હતો. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે દીપકભાઈને કાળીબેન સાથે પ્રેમ સંબંધ હતો. એ વાતની પોતાને ખબર નથી કે કાળીબેન ને દીપકભાઈ સાથે લગ્ન નતા કરવા તે માટે કાલોલ પો.સ્ટેમા ફરીયાદ આપેલ હતી. એ વાતની પોતાને ખબર નથી કે તે ફરીયાદના અનુસંધાને દીપકભાઈ તથા તેમના માતા પિતા અને તેમના ભાઈના સારી ચલ ચલગત માટે જામન લીધા હતા. એ વાતની

પોતાને ખબર નથી કે દીપકભાઈએ તે ફરીયાદના અનુસંધાનમા એવુ લખાવેલ કે હવે તે કાળીબેનને હેરાન નહી કરે. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે બનાવ કઈ જગ્યાએ ચોકકસ બનેલ તે પોતે કહી શકે નહી. એ વાત ખરી નહી હોવાનુ જણાવેલ છે કે તેઓ અંધારામા બાઈક લઈને જતા હતા ત્યારે સામસામે બાઈકો અથડાતા પોતાને હાથે અને પગે ઈજાઓ થયેલી. એ વાત ખરી નહી હોવાનુ જણાવેલ કે ત્યા અંધારુ હતુ અને બધા માણસો આજુબાજુ ભેગા થઈ ગયેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અજવાળી રાત હતી. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે ત્યા આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલા. ત્યા બુમાબુમ કર્યા બાદ માણસોનુ ટોળુ ભેગુ થઈ ગયેલુ. એ વાત ખરી નહી હોવાનુ જણાવેલ છે કે, અમે કાળીબેનનુ અપહરણ કરવા માટે ગયેલ હતા અને અપહરણની ફરીયાદમાથી બચવા માટે હાલની ખોટી ફરીયાદ કરેલ છે. પોલીસે પોતાનુ નીવેદન દવાખાનમા લીધેલ હતુ. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે પોલીસે પોતાનુ નીવેદન લીધા બાદ પોતાને પો.સ્ટે બોલાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે મે પોતાના પોલીસ રુબરુના નીવેદનમા આરોપીઓએ પોતાના મોઢા પર પેશાબ કરેલ હોય તેવુ લખાવેલ નથી. એ વાત ખરી નહી હવાનુ જણાવેલ છે કે પોતાના સાળા ઉપર કાળીબેન રેપ અંગેની ફરીયાદ કરે નહી તેથી પોતે ખોટી જુબાની આપે છે.

**૧૫.** ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે આંક–૬૩ થી સાહેદ દશરથસિંહ પ્રતાપસિંહ ને તપાસવામા આવેલ છે. સાહેદે પોતાના સોગંદ ઉપરના પુરાવામા જણાવેલ છે કે,આજ થી આશરે ચારેક વર્ષ પહેલા પોતાના

ભત્રીજા દીપક જશવંતસીંહ સોલંકી ના સંબંધની વાત ઘોઘંબા તાલુકાના ફરોડ ગામની રહેવાસી છોકરી કાળીબેન રતનસીંહ પરમારનાઓ સાથે થયેલ હતી. તેઓના લગન નકકી કરવાના બાકી હતા. બનાવ આજ થી આશરે ચારેક વર્ષ પહેલા બનેલો. તારીખ હાલ પોતાને ચોકકસ યાદ નથી. બનાવ ના પંદરેક દીવસ પહેલા આ કાળીબેન પોતાના ઘરે આવતા રહેલા હતા. કાળીબેનના ઘરવાળા તે પહેલા પોતાના ઘરે આવેલ હતા અને કાળીબેન તથા દીપકના લગન સંબંધની વાત થયેલ હતી તેઓએ લગ્નની હા પાડેલ હતી. કાળીબેનના ઘરવાળાએ કાલોલ પોલીસમા એક અરજી આપેલ હતી. જેથી પોતે કાળીબેનને કાલોલ પો.સ્ટે. લઈ ગયેલ હતા. કાળીબેનના ઘરવાળાને એવી શંકા હતી કે દીપક કાળીબેન ને લઈને નાસી ગયેલ છે પરંતુ કાળીબેન સ્વેચ્છાએ પોતાના ઘરે આવેલ હતા અને કાળીબેનને કાલોલ પો.સ્ટે થી તેઓ પોતાના ઘરે લઈ ગયેલ હતા. ત્યારબાદ અઠવાડીયા બાદ આ કાળીબેન તેની મોટી બેન ભુરીબેન કે જે રાહ તળાવ ગામે રહે છે ત્યા રહેવા ગયેલી હતી. બનાવ વખતે ભુરીબેન નાઓએ દીપકને રાહ તળાવ ગામે મળવા માટે બોલાવેલો હતો. તેથી દીપક ત્યા જવાનો હોય તેની સાથે પોતાના જમાઈ શંકરભાઈ નાઓ મો.સા ઉપર ગયેલ હતા અને સામે થી ભુરીબેન, અંકીતભાઈ નરવતભાઈ તેમજ ગટી કે જેના આખા નામની પોતાને ખબર નથી તેમજ જયલો તેમજ સરપંચ કે જેના નામની પોતાને ખબર નથી અને બીજા લોકોએ દીપકભાઈ તથા શંકરસીંહને રાહ તળાવ ગામે જવાના રસ્તા પર સ્મશાન પાસે પકડી પાડેલા અને તેઓને લોખંડની પાઈપ, પટટા જેવા સાધનો વડે ખુબ માર મારી હાથ પગ તોડી નાખી અર્ધ મરેલા જેવા કરી નાખેલા હતા.

ત્યારબાદ પોતાને રાહ તળાવ ગામે થી આ લોકોમાથી કોઈકનો ફોન આવેલો અને પોતાને કહેલ કે આ લોકોને અહી થી લઈ જાવ નહી તો તેમને સ્મશાનમા સળગાવી દઈશુ. તેથી પોતે તથા પોતાનો ભત્રીજો નીખીલ અને અનીતા પોતાના ગામેથી રાહ તળાવ જવાના રસ્તા પર સ્મશાન પાસે ગયેલા અને ત્યા જઈને જોયેલ તો દીપક તથા શંકરભાઈ ત્યા ઈજાગ્રસ્ત હાલતમા બેભાન થયેલા પડેલા હતા તેઓને જોતા હાથ પગ તોડી નાખેલા જોવા મળેલા. તેઓ બોલી પણ શકતા ન હતા અને અંકીત, જયલો, ગટી તેમજ બીજા લોકો પાઈપો અને બીજા સામાન અવેરતા હતા તે પોતે જાતે જોયેલ હતા તે પૈકી આજરોજ નામદાર કોર્ટમા અંકીત, જયલો અને ભુરી હાજર છે ગટી હાજર નથી. પોતે તે વખતે દીપક તથા શંકરને ખુબ વાગેલ હોય તેઓને સારવાર માટે લઈ જવા માટે ૧૦૮ ને ફોન કરતા હતા તે વખતે આરોપીઓ પોતાને એવુ કહેતા હતા કે ૧૦૮ ના બોલાવશો રીક્ષા મા લઈ જાવ પરંતુ પોતે ૧૦૮ ને ફોન કરી બોલાવેલી ૧૦૮ આવી જતા તેમા દીપક તથા શંકરભાઈને સારવાર માટે જહાનવી હોસ્પીટલ હાલોલમા લઈ ગયેલા અને ત્યા સારવાર કરાવેલી. બનાવમા શંકરભાઈને હાથે પગે ફેકચર થયેલ હતુ અને દીપકને પણ ઈજાઓ થયેલી હતી. બનાવ સંબંધે પોલીસ કેસ કરેલો હોય પોલીસ આવેલી અને પોતાની પુછપરછ કરી પોતાનુ નીવેદન લીધેલુ.

ત્યારબાદ સાહેદની બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલી ઉલટ તપાસમા સાહેદે ''એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે બનાવ સમયે પોતે પોતાના ઘરે હતા. એ વાત ખરી નહી હોવાનુ જણાવેલ છે કે બનાવની પોતાને કોઈ જાત માહીતી નથી.એ વાત ખરી નહી હોવાનુ જણાવેલ છે કે કાળીબેનને દીપક ભગાડી ગયો

તેની અરજી કાલોલ પો.સ્ટેમા આપેલી. સાહેદ જણાવે છે કે કાળીબેન જાતે આવી હતી પરંતુ શંકાને આધારે કાળીબેનના ઘરવાળા એ કાલોલ પો.સ્ટેમા અરજી આપેલી. પોતે કાલોલ પો.સ્ટે ગયેલા. એ વાત ખરી નહી હોવાનુ જણાવેલ છે કે દીપકના કાલોલ પો.સ્ટેમા જામીન લેવામા આવેલા. એ વાત ખરી નહી હોવાનુ જણાવેલ છે કે કાલોલ પો.સ્ટેમા તેનુ લખાણ પણ કરવામા આવેલુ. એ વાત ખરી નહી હોવાનુ જણાવેલ છે કે કાલોલ પો.સ્ટે થી કાળીબેન ફરોડ મુકામે રહેવા જતા રહેલા. સાહેદ જણાવે છે કે બીજે રહેવા જતા રહેલા. સાહેદ જણાવે છે કે કાળીબેન વાઘા ગામે રહેવા માટે ગયેલા. એ વાતની પોતાને ખબર નથી કે દીપકભાઈ કાળીબેન સાથે ફોન પર વાત કરતા હતા. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે કાલોલ પો.સ્ટે કે હાલોલ પો.સ્ટેમા પોલીસે પોતાની કોઈ પુછપરછ કરેલી નહી. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે પોતાની કોઈ પુછપરછ કરેલ ના હોય પોતે કઈ પોલીસને લખાવેલ નહી. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે દીપક પોતાનો ભત્રીજો થાય છે અને શંકર પોતાનો જમાઈ થાય છે. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે બંન્ને બનાવ બાબતે પોલીસે પોતાની કોઈ પુછપરછ કરેલી નહી. એ વાત ખરી નહી હોવાનુ જણાવેલ છે કે બનાવ સમયે પોતે પહોચ્યા ત્યારે ત્યા અંધારુ હતુ. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે પોતે બનાવ વાળી જગ્યાએ સાંજે સાડા દશ થી અગીયારના ગાળામા પહોચેલા. સાહેદ જણાવે છે કે અજવાળી રાત હતી. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે બનાવ પહેલા થી જ પોતે આરોપીઓને ઓળખે છે. એ વાત ખરી નહી હોવાનુ જણાવેલ છે કે દીપક પોતાનો ભત્રીજો થતો હોય અને શંકર પોતાનો જમાઈ થતો હોય તેના સમર્થમા પોતે ખોટી જુબાની આપુ છુ.

**૧૬.** ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે આંક–૭૦ થી સાહેદ કનુભાઈ લલ્લુભાઈ રાઠોડ ને તપાસવામા આવેલ છે. સાહેદે પોતાના સોગંદ ઉપરના પુરાવામા બનાવ વિશે પોતેં કંઈ જાણતા નથી. ચાર પાંચ વર્ષ પહેલા કોઈ મારા મારીનો બનાવ બનેલ હોય તે વિશે પણ પોતે કંઈ જાણતા નથી. તેવા કોઈ બનાવ બાબતે પોલીસે પોતાની કોઈ પુછપરછ કરેલ હોય તેવુ બનેલ નથી તેવી હકીકત પોતાના નિવેદનથી વિરુધ્ધની જણાવતા સાહેદને વિ.મદદનીશ સરકારી વકીલશ્રીએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી પુરાવા અધિનિયમ ની કલમ–૧૫૪ અન્વયે આ અદાલતની પરવાનગી સાથે ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછી ઉલટ તપાસ કરતા પણ સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષ ને સમર્થનકારી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવામા ફરીયાદપક્ષ સફળ થઈ શકયો નથી.

ત્યારબાદ સાહેદની બચાવ પક્ષ તર્ફે કોઈ ઉલટ તપાસ કરવામા આવેલી નથી.

**૧૭.** ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે આંક–૭૧ થી સાહેદ અનિતાબેન શંકરભાઈ પરમાર ને તપાસવામાં આવેલા છે. સાહેદે પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,બનાવ જુન ૨૦૨૦ ની સાલમાં સાંજે સાત આઠ વાગે બનેલો.બનાવ સમયે પોતે પોતાના પીયર શામળદેવી ગામે હતા ત્યારે અંકિત નામના એક ભાઈનો પોતાના મોબાઈલ પર ફોન આવેલ અને કહેલ કે, તમારા હસબંડને માર મારેલ છે અને તેમને લઈ જાવ તેમ કહેતા પોતે પોતાના ઘરે શામળદેવી ગામેથી નીકળી મઘાસર ગામે પહોચેલા અને થોડી વાર પછી આ અંકીતભાઈ પોતાને મઘાસર ગામે લેવા આવેલા

અને તેઓની સાથે પોતે બાઈક પર નીકળેલી અને તેઓ પોતાને એક જંગલ વિસ્તારમાં લઈ ગયેલા અને ત્યાં સ્મશાન હતુ. ત્યાં પોતે જોયેલ તો પોતાના પતિના હાથે પગે ઈજા થયેલ અને બેભાન અવસ્થામાં હતા. અંકિતભાઈએ પોતાને ફોન પર જણાવેલ કે, તેણે તથા ગટી તથા જયેશભાઈએ ભેગા મળીને પોતાના પતિને માર મારેલ છે તેવી હકીકત પણ જણાવેલી. પોતાના પતિને ઈજા થયેલ હોય પોતે ૧૦૮ માં બેસાડી હાલોલ સરકારી દવાખાને લઈ ગયેલ ત્યાં તેમની પ્રાથમીક સારવાર કરેલી ત્યાર બાદ તેમને ખાનગી દવાખાના માં સારવાર માટે  લઈ ગયેલ. આ ઝઘડાનુ કારણ એવુ હતુ કે, પોતાના કાકાનો છોકરો નામે દીપકના લગ્નની વાતચીત ચાલુ હોય તે કારણસર દીપકભાઈને અંકીતભાઈએ ફોન ધ્વારા સંપર્ક કરી મળવા માટે બોલાવેલ. જેથી દીપકભાઈ તથા પોતાના પતિ અંકિત ભાઈને મળવા માટે ગયેલા. પોતાના પતિને  તથા દીપકભાઈ ને ઘરે મળવા માટે બોલાવેલા પરંતુ તેઓએ પાછળથી બહાર મળવા બોલાવેલા અને દીપકને તથા પોતાના પતિને અંકીતભાઈ તથા અન્ય બે ત્રણ ઈસમોએ માર મારી ઈજા પહોચાડેલી. અંકીતભાઈ એ પોતાને જાતે જણાવેલ કે, તેણે તથા ગટીભાઈ અને જયેશભાઈએ ભેગા મળી પોતાના પતિ તથા દીપકને માર મારેલ છે તેવી હકીકત જણાવેલ હોય જેથી તેઓના નામ પોતાને ખબર છે. પોતાને મઘાસર ગામે અંકીત ભાઈ તથા ગટીભાઈ અને જયેશભાઈ લેવા આવેલા  જેથી પોતે તેઓને જોયેલ હતા. આજ રોજ કોર્ટમાં જે બે પુરુષ આરોપી છે તે અંકિત અને જયેશ હોય તેવુ લાગે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પોતાને નામની ચોકકસ ખબર નથી. પરંતુ તે દિવસે પોતાને જે ત્રણ લેવા આવેલા આ બે તેમાંથી જ હતા. જયારે ત્રીજો આજે હાજર નથી. પરંતુ

હાજર હોય તો તેને પણ પોતે ઓળખી શકે.આ બનાવ બાબતે પોતાના પતિએ પોતાને જણાવેલ કે, તે તથા દીપક અંકીત ને મળવા ગયેલા ત્યારે તે લોકોએ પોતાના પતિને દીપક સમજીને માર મારેલો. પોતાના પતિએ પોતાને જણાવેલ કે, આ ઈસમોના હાથમાં લોખંડની પાઈપ તથા લાકડીઓ હતી અને તેના વડે હાથે અને પગે માર મારી ઈજા કરેલ. તેમજ દીપક ને પણ પગના ભાગે લોખંડની પાઈપ અને લાકડીઓ વડે માર મારી ઈજા પહોચાડેલ છે. બનાવ બાબતે પોલીસે પોતાનુ નિવેદન લીધેલુ.

ત્યારબાદ સાહેદની બચાવ પક્ષ તર્ફે કરવામા આવેલી ઉલટ તપાસમા સાહેદે એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, બનાવ બનેલ ત્યારે પોતે પોતાના ઘરે હતી. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, બનાવ બાબતે પોતે બનાવ નજરે જોયેલ ન હોય બનાવની પોતાને જાત માહીતી નથી. એ વાત ખરી નહી હોવાનુ જણાવેલ છે કે, આ કામના ફરીયાદી પોતાના પતિ હોય તેને સમર્થન કરવા માટે પોતે સોગંદ પર ખોટી જુબાની આપે છે તેવી હકીકતો સ્વીકારી છે.

૧૮. આમ, આ કામે ફરીયાદ પક્ષે રજુ રાખેલા દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓનુ અધ્યયન કર્યા બાદ સદર પુરાવાઓનુ તુલનાત્મક વિશ્લેષણ, પૃથ્થકરણ અને મુલ્યાંકન કરવામાં આવે તે પહેલા આ કામના ફરીયાદીની આંક–૨૯ ની ફરીયાદની હકીકતો પ્રત્યે ટુંકમા દ્રષ્ટિપાત કરવામાં આવે તો, આ કામના ફરીયાદીના સબંધની વાત ઘોઘંબા તાલુકાના ફરોડ ગામે રહેતી કાળીબેન રતનસિંહ પરમાર સાથે

થયેલી પરંતુ, લગ્ન થયેલા નહિ. દરમ્યાન આ કાળીબેન ફરીયાદીના ઘરે આવતી રહેલી જેથી કાળીબેન ની માતા શારદાબેને કાલોલ પોલીસ સ્ટેશનમા જાણ કરતા આ ફરીયાદી અને કાળીબેન ને કાલોલ પોલીસ સ્ટેશન બોલાવેલા જયાં તેમના લગ્ન કરી આપવાની વાત થયેલી હોય કાળીબેન ને તેમની મમ્મી સાથે મોકલી આપેલી. બાદમાં આ બનાવના ત્રણેક દિવસ પહેલા આ કાળીબેન તેની મોટી બેન ભુરીબેન રહે. રાહતળાવ ના ઘરે રહેવા ગયેલી અને ભુરીબેનના મોબાઈલ નંબર ૯૦૨૩૪૬૨૬૮૪ ઉપરથી વાતચીત કરતી હતી અને બનાવની આગલી રાત્રે નવેક વાગે આ ભુરીબેનના મોબાઈલ ઉપરથી ફોન કરી ફરીયાદીને રાહતળાવ મળવા બોલાવેલા. જેથી, ફરીયાદી તેના બનેવી શંકરસિંહ કાંતીસિંહ દરબાર, ફરીયાદીનો મિત્ર હરીશ લક્ષ્મણસિંહ સોલંકી બે મોટર સાયકલ લઈને શામળદેવી થી રાહતળાવ જવા નીકળેલા અને રાહતળાવ થી સાથરોટા જવાના રસ્તે રોડ ઉપર મંદિર નજીક આવેલ ઘર પાસે જતા આ કાળીબેન ની બેન ભુરી ઉર્ફે સુરેખા, સુરેખાનો દીયર અંકિત નટવરભાઈ પરમાર, રાહ તળાવ ગામનો મયુર ઉર્ફે ગટી ગણપતભાઈ પરમાર અને સાથરોટાના જયેશ ભારત પરમાર એમ ચાર જણા ત્યાં ઉભેલા હતા. જેથી, ભુરીબેન ને જોઈને ફરીયાદી અને તેના મિત્ર એ ત્યાં મોટર સાયકલ ઉભી રાખેલી. તે સમયે રાત્રીના અગીયારેક વાગ્યાનો સુમાર હતો. ફરીયાદી અને તેમની સાથેના લોકોને જોઈને આ ચારેય જણા મા–બેન સમાણી ગાળો બોલવા લાગેલા અને ભુરીએ ફરીયાદીને તુ મારીબેન કાળી ને કેમ ફોન કરીને હેરાન કરે છે તેવુ કહી ગાળો આપેલી. તે સમયે ભુરી સાથે રહેલા ત્રણેય ઈસમોના

હાથમા લાકડીઓ હતી જેના વડે તેઓ ફરીયાદી અને તેના બનેવી શંકરસિંહને મારવા લાગેલા જેથી ફરીયાદી અને તેના બનેવી નીચે પડી ગયેલા. ફરીયાદીને ગટી ઉર્ફે મયુરે અને અંકિતે તેઓના હાથમા રહેલી લાકડીઓ વડે માર મારતા ફરીયાદીને ડાબા પગે નળાના ભાગે અને જમણા હાથે બાવળા ઉપર સોજો આવી ગયેલો અને બરડાના ભાગે મુંઢ માર વાગેલો. જયારે શંકરસિંહને આ ચારેય જણાએ લાકડીઓ અને લાતોથી માર મારતા તેને ડાબા હાથે તથા જમણા પગે ગંભીર ઈજાઓ થયેલી અને બરડાના ભાગે તથા પેટના ભાગે તથા હાથે–પગે ઈજાઓ થયેલી. ફરીયાદીનો મિત્ર હરીશ ત્યાંથી નાસી છુટેલો તેથી બચી ગયેલો. ફરીયાદી તથા તેના બનેવીને આરોપીઓ માર મારતા હોય તેઓના હાથમાંથી છુટીને રાહતળાવ ગામના સ્મશાન પાસે આવેલા અને ત્યાંથી નજીકમા આવેલ નાળા પાસે જતા રહેલા અને ત્યાંથી ફરીયાદીએ પોતાની બેન અનિતાને ફોન કરતા ફરીયાદીના ઘરના માણસો રાહતળાવ આવેલા અને ૧૦૮ મોબાઈલ બોલાવી ફરીયાદી તથા તેના બનેવીને હાલોલ ખાતે જાન્હવી હોસ્પિટલમા લાવેલા જયાં ડોકટરે ફરીયાદીની સારવાર કરી રજા આપેલી અને ફરીયાદીના બનેવી શંકરસિંહ ને ડાબા હાથે અને જમણા પગે ઘુંટણના ભાગે ફેકચર થયેલ હોવાનુ જણાવેલુ. બાદમા ફરીયાદીએ પોતાના મિત્ર હરીશ અને કાકાના છોકરા સંજય સાથે પોલીસ સ્ટેશન જઈ હાલની આ ફરીયાદ આપેલી.

**૧૯.** આમ, ફરીયાદીની આંક–૨૯ ની ફરીયાદની ઉપરોકત હકીકતો વંચાણે લેતા તેવુ સ્પષ્ટ થઈ જાય છે કે, ફરીયાદવાળો બનાવ

રાહતળાવથી સાથરોટા ગામે જતા રોડ ઉપર રાત્રીના અગીયારેક વાગ્યાના સુમારે બનેલ છે. બનાવ વખતે ચાર આરોપીઓ પૈકી એક સ્ત્રી અને ત્રણ પુરુષો હતા અને આ ત્રણેય પુરુષોના હાથમા લાકડીઓ હતી. તેવુ પણ સ્પષ્ટ થઈ જાય છે કે, બનાવ વખતે ફરીયાદી સાથે તેના બનેવી શંકરસિંહ અને મિત્ર હરીશ એમ ત્રણ જણા હતા અને તેઓ બે મોટર સાયકલ ઉપર ત્યાં ગયેલા. તે પણ સ્પષ્ટ થાય છે કે, ફરીયાદી અને તેના બનેવીને અંકિત અને મયુરે લાકડીઓ વડે માર મારેલ છે જયારે હરીશ ત્યાંથી નાસી છુટવામાં સફળ રહેલ છે. બાદમાં ફરીયાદી અને તેના બનેવી બનાવવાળી જગ્યાએથી દુર સ્મશાન પાસે આવેલ નાળા પાસે જતા રહેલા અને ત્યાંથી ફરીયાદીએ પોતાની બહેન અનિતાને બનાવની જાણ કરતા ફરીયાદીના ઘરના લોકો રાહ તળાવ ગામે આવી ગયેલા અને ત્યાંથી ફરીયાદી અને તેના બનેવી શંકરસિંહને ૧૦૮ મા સારવાર માટે લઈ ગયેલા. બાદમાં ફરીયાદીએ પોતાના મિત્ર હરીશ અને પોતાના કાકાના છોકરા સંજય સાથે પોલીસ સ્ટેશન જઈ ને હાલની આ ફરીયાદ કરેલી.

આ હકીકતના સંદર્ભમા હવે ફરીયાદીની આંક–૨૮ ની સોગંદ ઉપરની જુબાની જોવામાં આવે તો તેમાં ફરીયાદીએ ફકત પોતાનો અને પોતાના બનેવી શંકરસિંહનો જ ઉલ્લેખ કરેલ છે. બનાવ સમયે પોતાનો મિત્ર હરીશ હાજર હોવાની હકીકત સમગ્ર જુબાનીમાં કયાંય જણાવી નથી. તે જ રીતે જોઈએ તો, આ કામે ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં માત્ર આરોપીઓ તરીકે સુરેખા અને અંકિતના નામો જ કોર્ટ રુબરુ જણાવેલા છે. જયારે બીજા બે ઈસમોના નામોની ખબર ન હોવાનુ જણાવેલ છે.

હકીકતની દ્રષ્ટિએ જોઈએ તો, ફરીયાદ સૌપ્રથમ દાખલ થાય ત્યારબાદ ચાર્જશીટ ફાઈલ થાય અને ત્યારબાદ પુરાવો નોંધવામા આવે. હાલના ફરીયાદીએ પોતાની ફરીયાદમાં ચારેય આરોપીઓના નામો જણાવેલ છે ત્યારપછીના તબકકે નોંધવામા આવેલી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં બે આરોપીના નામ જાણતા ન હોવાનુ જણાવેલ છે આનો અર્થ એવો થાય કે, ફરીયાદમા જણાવેલા બંન્ને ઈસમોના નામો ખોટા જણાવેલા છે. ત્યારબાદ જોઈએ તો, ફરીયાદીની સમગ્ર ફરીયાદમા આરોપીઓ પાસે ફકત લાકડીઓ જ હોવાનો ઉલ્લેખ કરેલ છે. જયારે સોગંદ ઉપરની જુબાનીમા ફરીયાદીએ આરોપીઓ પાસે લોખંડની પાઈપ અને લોખંડની એંગલ હોવાનો અને તેના વડે પણ માર મારેલ હોવાનુ જણાવેલ છે. આમ, અહીં હથીયારો પણ બદલાઈ જાય છે. ફરીયાદીની સમગ્ર ફરીયાદમાં કયાંય બનાવ સમયે ફરીયાદી, તેના બનેવી શંકરસિંહ, નાસી છુટયો તે મિત્ર હરીશ અને ચાર આરોપીઓ સિવાય અન્ય કોઈની હાજરીનો ઉલ્લેખ થયો નથી. પરંતુ, પોતાની સોગંદ ઉપરની જુબાનીમા ફરીયાદીએ બનાવ સમયે ઘણા બધા માણસો આવી ગયેલા તેવુ જણાવેલ છે. તે જ રીતે ફરીયાદીએ ફરીયાદમાં આરોપીઓના મારથી બચીને તેઓ ગામના સ્મશાન પાસે આવેલ નાળા પાસે જતા રહેલા તેવુ જણાવેલ છે. જયારે સોગંદ ઉપરની જુબાનીમા ફરીયાદીએ આ કામના આરોપીઓ ફરીયાદી તથા તેના બનેવીને જબરજસ્તીથી ઉઠાવી ગામના સ્મશાનમા સળગાવી દેવા માટે લઈ ગયેલા તેવુ જણાવેલુ છે. ફરીયાદીની ફરીયાદમાં ફરીયાદી તથા તેના બનેવી સ્વેચ્છાએ નાસીને સ્મશાન પાસે આવેલા નાળા પાસે જતા રહેલા તેવી હકીકત જણાવી છે. જયારે સોગંદ ઉપરની

જુબાનીમાં સ્મશાનમા સળગાવી દેવા માટે આરોપીઓ જબરજસ્તીથી લઈ ગયેલાનુ જણાવેલ છે. વધુમાં ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપી ગટી ઉર્ફે મયુરે ફરીયાદી તથા તેના બનેવીના મોઢા ઉપર પેશાબ કરેલાની હકીકત જણાવી છે. જયારે ફરીયાદીની ફરીયાદમા આવી કોઈ હકીકત જણાવી નથી. ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમા સ્મશાનમાં પણ ભેગા થઈ ગયેલા ઘણા બધા માણસોએ તેઓને માર મારેલાનુ કહેલ છે. જયારે ફરીયાદીની ફરીયાદમા આવી કોઈ હકીકત જણાવી નથી. ફરીયાદીએ પોતાની ફરીયાદમાં પોતે પોતાની બેન અનિતાને ફોન કરેલાનુ અને તેથી તેમના ઘરના બધા રાહતળાવ આવેલાનુ જણાવેલુ છે. જયારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં કોઈકે પોતાની બેન અનિતાને ફોન કરેલાનુ જણાવેલુ છે. ફરીયાદીએ પોતાની ફરીયાદમા ડોકટરે પોતાની સારવાર કરી અને રજા આપેલાની હકીકત જણાવી છે. જયારે સોગંદ ઉપરની જુબાનીમા ફરીયાદીએ પોતે જાન્હવી હોસ્પિટલમા પાંચ દિવસ સારવારમા રહેલા તેવુ જણાવેલુ છે. પોતાની સોગંદ ઉપરની જુબાનીમા ફરીયાદીએ આ કામના આરોપીઓએ ફરીયાદીના બનેવીનો મોબાઈલ તોડી નાખેલો અને પોતાનો મોબાઈલ લઈ લીધેલો તેવુ જણાવેલ છે પરંતુ આવી કોઈ હકીકત ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જણાવેલી નથી. ફરીયાદીએ પોતાની બેન અનિતા બનાવની ફરીયાદ કરવા ગયેલી પછી દવાખાનેથી સારવારમાંથી ડીસ્ચાર્જ થયા બાદ પોતે ફરીયાદ કરવા ગયેલા તેવુ જણાવેલુ છે.

૨૦. આમ, ફરીયાદીની ફરીયાદ તેમજ ફરીયાદીની સોગંદ ઉપરની જુબાની

જોવામાં આવે તો, સ્થળ બાબતે, આરોપીઓની ઓળખ બાબતે, હથીયારો બાબતે, લોકોની સંખ્યા બાબતે તેમ મહત્વની તમામ હકીકતોમાં સદંતર વિરોધાભાસ જણાઈ આવે છે. તે જ રીતે, આરોપી મયુર ઉર્ફે ગટીએ ફરીયાદી અને તેના બનેવીના મોં ઉપર પેશાબ કરેલાની, આરોપીઓ ફરીયાદી તથા તેના બનેવીને સળગાવી દેવા માટે જબરજસ્તીથી સ્મશાનમા લઈ ગયેલા હોવાની, ત્યાં હાજર ઘણા બધા માણસોએ ફરીયાદી તથા તેના બનેવીને ફરી વખત માર મારેલાની, ફરીયાદીના બનેવીનો મોબાઈલ તોડી નાખેલાની અને ફરીયાદીનો મોબાઈલ છીનવી લીધેલાની અને કોઈએ ફરીયાદીની બેન અનિતાને ફોન કરેલાની તેમજ પોતે પાં ચ દિવસ સારવારમા રહેલાની હકીકતો જણાવેલી છે તેવી કોઈ હકીકતો ફરીયાદીએ ફરીયાદમા જણાવેલી નથી. કાયદાકીય ભાષામા આ તમામ હકીકતોને ''હેકઝાગ્રેશન'' એટલે કે, ખરેખર ન હોય તેવી વાત બઢાવી–ચઢાવીને કહેવી તેવો અર્થ થાય છે.

**૨૧.** ઘડીભર ને માટે માની લઈએ કે, આરોપીઓએ ફરીયાદીના બનેવીનો મોબાઈલ તોડી નાખેલો અને ફરીયાદીનો મોબાઈલ છીનવી લીધેલો. તો, ફરીયાદી અથવા કોઈપણ વ્યકિત ફરીયાદીના બેન અનિતા ને ફોનથી બનાવની જાણ કરેવી રીતે કરી શકે તે બાબતે ફરીયાદ પક્ષ પાસે કોઈ સ્પષ્ટતા કે, ખુલાસો નથી. તે જ રીતે જોઈએ તો, હાલનો આ ગુન્હો તા.૦૪–૦૬–૨૦૨૦ નારોજ પોલીસમા જાહેર થયો છે અને આ બનાવ તેના આગલા દિવસે બનેલો છે. જો, ફરીયાદી પાંચ દિવસ હોસ્પિટલમા સારવારમા રહેલા હોય તો, બીજા દિવસે પોલીસમા ફરીયાદ કરવા કેવી રીતે જઈ શકે તે પણ શંકા ઉભી કરનારો પ્રશ્ન છે.

કેમ કે, ફરીયાદીએ ફરીયાદમાં સ્પષ્ટ જણાવેલુ છે કે, પોતે પોતાના મિત્ર હરીશ અને કાકાના છોકરા સંજય સાથે દવાખાનામાંથી રજા મળ્યા બાદ બીજા દિવસે પોલીસમા ફરીયાદ કરવા ગયેલા. આથી, તે સ્પષ્ટ છે કે, બનાવના બીજા દિવસે ફરીયાદી દવાખાનામા ન હતા. તેમ છતા કોર્ટ રુબરુની જુબાનીમા ફરીયાદીએ પોતે પાંચ દિવસ સારવાર માં હોવાનુ જણાવેલ છે જે માની શકાય તેમ નથી. ફરીયાદીએ પોતાની ઉલટ તપાસમાં તે પણ સ્વીકારેલુ છે કે, તેઓ બધાએ સાથે બેસીને ફરીયાદ લખાવેલી. આ હકીકત જોતા ફરીયાદ પણ કુદરતી નહિ પરંતુ, આફટર થોટ કરવામાં આવેલી હોવાનુ જણાય છે. પોતાની સરતપાસમાં ફરીયાદીએ બનાવ વખતે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા તેવુ જાતે જણાવેલુ છે. જયારે તે જ ફરીયાદીએ પોતાની ઉલટ તપાસમા બનાવ વખતે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલાનો ઈન્કાર કરેલો છે. તે જ રીતે ફરીયાદીએ પોતાની ઉલટ તપાસમાં આરોપીઓએ ફરીયાદી અને તેના બનેવીને લાકડી, લોખંડની પાઈપ, લોખંડની એંગલ થી માર મારેલાનુ અને તે વખતે ત્યાં ઘણા બધા માણસો આવી ગયેલાની અને તે બંન્નેને આ બધા જબરજસ્તી સ્મશાનમાં સળગાવી દેવા લઈ ગયેલાની અને મયુર ઉર્ફે ગટીએ ફરીયાદી અને તેના બનેવીના મોં ઉપર પેશાબ કરેલાની અને ત્યાં ભેગા થઈ ગયેલા ઘણા માણસોએ આ બંન્ને ને ફરીથી માર મારેલાની હકીકત પોતાની ફરીયાદમા લખાવી ન હોવાનો સ્વીકાર કરેલો છે.

આમ, સમગ્રપણે જોવામાાં આવે તો, ફરીયાદીની ફરીયાદની હકીકતો જોતા અને ફરીયાદી પોતે આ બનાવના મુખ્ય ભોગબનનાર સાહેદ છે તે સ્ટેટસ જોતા ફરીયાદને જે રીતે સમર્થન પ્રા

પ્ત થાય તેવી હકીકતો રેકર્ડ ઉપર આવવી જોઈએ તે હકીકતો રેકર્ડ ઉપર આવેલી નથી અને ફરીયાદથી વિપરીત અને વિરોધાભાસી હકીકતો મહત્વની બાબતોમાં ઉપસી આવી છે તે જોતા ફરીયાદીનો પુરાવો વિશ્વાસજન્ય નથી.

**૨૨.** આ કામના ફરીયાદીના બનેવી શંકરભાઈ પરમારના આંક–૩૭ ના સોગંદ ઉપરના પુરાવાને જોઈએ તો, તેણે પણ પોતાની સોગંદ ઉપરની જુબાનીમા બનાવના દિવસે ફકત પોતે અને ફરીયાદી રાહતળાવ ગામે ગયેલાની હકીકત જણાવેલી છે. જયારે ફરીયાદીના મિત્ર હરીશનો કોઈ ઉલ્લેખ આ સાહેદના પુરાવામા પણ થયેલો નથી. આ સાહેદે પણ ચાર પૈકી ત્રણ આરોપીઓ ભુરીબેન, અંકિત અને મયુર ઉર્ફે ગટી નો ઉલ્લેખ કરેલ છે જયારે ચોથો આરોપી કોણ હતો તેના નામની ખબર ન હોવાનુ જણાવેલ છે. હવે હકીકતની દ્રષ્ટિએ જોઈએ તો, ફરીયાદીએ પોતાની ફરીયાદમાં તમામ આરોપીઓના નામો જણાવેલ છે. વળી ફરીયાદી આ સાહેદના સગા સાળા છે આ સંજોગોમાં આ સાહેદને આરોપીઓના નામોની જાણકારી ન હોય અથવા તો ફરીયાદી પાસેથી મળેલી ન હોય તે પણ શકય નથી. વધુમા આ સાહેદે પણ આરોપીઓએ બનાવ વખતે તેઓને લાકડી અને પાઈપ વડે મારેલાનુ જણાવેલ છે. અગાઉ ચર્ચામા જોયુ તે મુજબ ફરીયાદીએ ફરીયાદમાં માત્ર આરોપીઓના હાથમાં લાકડી હોવાનો જ ઉલ્લેખ કરેલ છે. પરંતુ, સોગંદ ઉપરની જુબાનીમા આરોપીઓના હાથમા લાકડીની સાથે લોખંડની પાઈપ અને લોખંડની એંગલ પણ હોવાનો ઉલ્લેખ કરેલ છે. જયારે આ સાહેદે લાકડીઓ અને લોખંડની પાઈપ હોવાનો ઉલ્લેખ

કરેલ છે. આમ, ફરીયાદીની ફરીયાદ, ફરીયાદીની આંક–૨૮ ની સોગંદ ઉપરની જુબાની અને આ સાહેદની જુબાની જોતા ત્રણેયમા હથીયારો બાબતે વિરોધાભાસ જણાય છે. વધુમાં આ સાહેદે પોતાની સમગ્ર જુબાનીમાં કયાંય તેઓ આરોપીના મારથી બચી ગામના સ્મશાન પાસે આવેલા નાળા પાસે જતા રહેલા તેવુ જણાવેલ નથી. જયારે આ સાહેદે આરોપીઓએ તેમને માર માર્યા બાદ તેમના મોં ઉપર ગટી અને અંકિત બંન્ને એ પેશાબ કરેલાનુ જણાવેલ છે. ફરીયાદીની ફરીયાદમાં આવી કોઈ પેશાબ કરવાની ઘટનાનો ઉલ્લેખ નથી, ફરીયાદીએ પોતાની આંક–૨૮ ની સોગંદ ઉપરની જુબાનીમાં માત્ર આરોપી ગટીએ પેશાબ કરેલાનુ જણાવેલ છે જયારે આ સાહેદે ગટી અને અંકિત બંન્ને એ પેશાબ કરેલાનુ જણાવેલ છે. આમ, આ સાહેદની જુબાની પણ વિશ્વાસજન્ય જણાતી નથી. વધુમાં જોઈએ તો, ફરીયાદીએ બનાવ વખતે ત્યાં ઘણા બધા માણસો આવી ગયેલાનુ અને ફરીયાદી તથા તેના બનેવીને સળગાવી દેવા માટે જબરજસ્તી સ્મશાનમા લઈ ગયેલાનુ અને ત્યાં પણ માર મારેલાનુ પોતાના મૌખિક પુરાવામા જણાવેલુ છે. આવી કોઈ હકીકત આ સાહેદે પોતાના મૌખિક પુરાવામા જણાવેલી નથી. ફરીયાદીએ પોતાની ફરીયાદમાં સ્પષ્ટ જણાવેલુ છે કે, બનાવની જાણ પોતે પોતાની બહેન અનિતાને કરેલી. જયારે આ સાહેદે પોતાના મૌખિક પુરાવામા એવુ જણાવેલુ છે કે, બનાવની જાણ અનિતાને આરોપીઓ પૈકી કોઈએ કરેલી. આરોપીઓ પાસે ફરીયાદીની બેન અનિતાનો ફોન નંબર કેવી રીતે હોય તે બાબતે પણ ફરીયાદ પક્ષે કોઈ ખુલાસો નથી. આ ફરીયાદીએ પોતાના મૌખિક પુરાવામા કયાંય એવુ જણાવેલુ નથી કે,

આરોપીઓએ ફરીયાદીનો મોબાઈલ છીનવી લીધેલો.

પોતાની ઉલટ તપાસમાં આ સાહેદે તેવી હકીકત જણાવી છે કે, બનાવની ફરીયાદ પોતાની પત્નિ અને સાળાએ આપેલી. તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમા શુ લખાવેલુ તેની પોતાને ખબર નથી. ફરીયાદીએ પોતાની ઉલટ તપાસમાં બીજા કોઈ માણસો હાજર ન હોવાનુ જણાવેલ છે. જયારે આ સાહેદે તે વાત ખરી હોવાનો સ્વીકાર કરેલ છે કે, ત્યાં આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલા અને ત્યાં બુમાબુમ કર્યા બાદ માણસોનુ ટોળુ ભેગુ થઈ ગયેલુ. સદર સાહેદે પોતાની ઉલટ તપાસમાં તે વાત ખરી હોવાનોસ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે પોલીસે પોતાનુ નિવેદન લેવા પોલીસ સ્ટેશન બોલાવેલો નથી. તે પણ સ્વીકાર કરેલ છે કે, પોતાના મોં પર આરોપીએ પેશાબ કરેલાની હકીકત પોલીસમા પોતે લખાવેલી નથી. આમ, આ કામના ફરીયાદી તથા આ સાહેદ શંકરસિંહ બંન્ને ફરીયાદપક્ષના મુખ્ય અને મહત્વના સાહેદો અને ભોગ બનનાર ઈસમ છે. આ બંન્ને સાહેદો બનાવ વિશે સાચી અને તલસ્પર્શી વિગતો જાણે છે તેમ છતા આ બંન્ને સાહેદોએ તેઓના મૌખિક પુરાવામા મુળ ફરીયાદથી વિપરીત અને વિસંગત હકીકતો જણાવી છે જે ઉપરની ચર્ચામાં સામેલ છે. આ હકીકતો જોતા સદર બંને સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળવાના બદલે શંકા ઉત્પન્ન થાય છે.

**૨૩.** ત્યારબાદ જોવામાં આવે તો, ફરીયાદપક્ષના સાહેદ દશરથસિંહ પ્રતાપ સિંહ સોલંકીનાઓ આંક–૬૩ ના મૌખિક પુરાવામાં આરોપી ભુરીબેન, અંકિત, ગટી, જયલો, સરપંચ કે જેના નામની

પોતાને ખબર નથી તથા બીજા લોકોએ ફરીયાદી અને તેના બનેવીને લોખંડની પાઈપ અને પટ્ટા જેવા સાધનોથી માર મારેલાની હકીકત જણાવી છે. આ સાહેદના મૌખિક પુરાવામાં પણ સાહેદ હરીશ નો કયાંય ઉલ્લેખ જોવા મળતો નથી. આ સાહેદના મૌખિક પુરાવાથી પણ આરોપીઓએ બનાવ વખતે ઉપયોગમા લીધેલા હથીયારો ફરીયાદ કરતા અલગ જોવા મળે છે. જયારે, આરોપીઓની સંખ્યા પણ અલગ જોવા મળે છે.

**૨૪.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ અનિતાબેન શંકરભાઈ પરમાર ના આંક–૭૧ ના મૌખિક પુરાવાને જોવામાં આવે તો, સદર સાહેદે પોતાના કોર્ટ રુબરુના પોતાના સોગંદ ઉપરના પુરાવામાં એવુ જણાવેલ છે કે, બનાવના દિવસે પોતે પોતાના પિયર શામળદેવી ગામે હતી ત્યારે પોતાના ભાઈના મોબાઈલ ઉપરથી અંકિતભાઈ નામના એક વ્યકિતનો ફોન આવેલો અને જણાવેલ કે, તમારા હસબન્ડને માર મારેલ છે તેમને લઈ જાવ. જેથી પોતે પોતાના ઘરેથી નીકળી મધાસર ગામે પહોંચેલી ત્યાં આ અંકિતભાઈ પોતાને લેવા આવેલા તેની સાથે બાઈકમા બેસી પોતે ગયેલી અને એક જંગલ વિસ્તારમા સ્મશાન હતુ ત્યાં પહોંચેલા. ત્યાં જઈને જોયેલુ તો પોતાના પતિને હાથે–પગે ઈજા થયેલી અને બેભાન હતા. આ અં કિતે પોતાને ફોનમા એવુ પણ જણાવેલુ કે, પોતે, ગટી અને જયેશે ભેગા મળીને શંકરભાઈને માર મારેલો છે.

આ હકીકતના સંદર્ભમા હવે જોઈએ તો, ફરીયાદી પોતાની ફરીયાદમાં પોતે પોતાની બેન અનિતાને ફોન કરેલાનુ જણાવે છે. જયારે અનિતા પોતાને આરોપી અંકિતે ફોન કરેલાનુ જણાવે છે.

વળી, આ સાહેદ અનિતાની વર્તણૂંક બાબતે જોઈએ તો, કોઈપણ સ્ત્રીને પોતાના પિયરમા હોય અને પોતાના પતિને માર માર્યાના સમાચાર મળે તો, સ્વાભાવિક રીતે સૌપ્રથમ તે પોતાના પિયરપક્ષના લોકોને જાણ કરે. કોઈપણ સ્ત્રી સીધે સીધીકોઈ અજાણ્યા વ્યકિતના બાઈક ઉપર બેસીને રાત્રે અપરિચિત જગ્યાએ જવા નીકળી જાય નહિ. આમ, આ સાહેદ અનિતાની વર્તણૂંક કુદરતના માનવીય ક્રમ મુજબની નથી. તે જ રીતે જોઈએ તો, પોતાને આરોપી અંકિત તેડવા આવેલો તેવુ આ સાહેદે જણાવેલુ છે. ફરીયાદ પક્ષના સમગ્ર કેસમાં કયાંય આરોપી આ સાહેદ અનિતાને તેડવા ગયેલો હોય તેવો ઉલ્લેખ જોવા મળતો નથી. તેમ છતા માની લઈએ કે, અંકિતે ફોન કર્યો અને તે ફોનના આધારે અનિતા ઘરના કોઈને કહયા વગર રાત્રીના સમયે એકલી મઘાસર ગામે પહોંચી ગયેલી તો પણ તે સવાલ ઉપસ્થિત થાય જ કે, ત્યાં અંકિત તેને તેડવા આવેલ છે તેવી અનિતાને કેવી રીતે ખબર પડી. માની લઈએ કે, અંકિતે પોતે તેડવા આવે છે તેવુ કહેલુ હોય તો પણ આ વ્યકિત જ અંકિત છે તેવી અનિતાને કેવી રીતે ખબર પડી. આવા કોઈપણ સવાલનો જવાબ સમગ્ર કાર્યવાહીમા કયાંય જોવા મળતો નથી. વળી, આ સાહેદે બનાવવાળી જગ્યાએ ફકત પોતાના પતિ શંકરભાઈ બેભાન હાલતમા પડેલા હોવાનુ જણાવેલ છે પરંતુ, પોતાના ભાઈ અને આ કામના ફરીયાદી દિપકભાઈની હાજરી વિશે આ સાહેદે એકપણ શબ્દ કહેલ નથી. વધુમાં જોઈએ તો, આ સાહેદે પોતાના મૌખિક પુરાવામા આગળ એવુ પણ જણાવેલ છે કે, પોતાને મઘાસર ગામે અંકિત, ગટી અને જયેશ એમ ત્રણ જણા લેવા આવેલા. પોતે શામળદેવી થી મઘાસર રાત્રીના સમયે કયા

વાહનમા ગયેલા અને આ ત્રણ આરોપીઓ કયા વાહનમા આવેલા અને પોતે આ જ ત્રણ ઈસમો પોતાને લેવા આવેલા છે તેવુ શેના ઉપરથી જાણેલુ તે બાબતે પણ ફરીયાદપક્ષ મૌન છે. આ કામે આ સાહેદ અનિતાએ બનાવ બન્યા બાદ પોતે આરોપી અં કિત સાથે કે બીજા આરોપીઓ જયેશ અને ગટી સાથે બનાવવાળી જગ્યાએ ગયેલી તેવી હકીકત જણાવી છે. મતલબ કે, બનાવવાળી જગ્યાએ ફરીયાદીની બેન અનિતા એકલી જ ગયેલી તેવુ તેના મૌખિક પુરાવા ઉપરથી ફલીત થાય છે. જયારે ફરીયાદીએ પોતાની ફરીયાદમાં પોતાની બહેન અનિતાને ફોનથી બનાવની જાણ કરતા તેના ઘરના સભ્યો બનાવવાળી જગ્યાએ આવી ગયેલા તેવુ જણાવેલ છે. જયારે આ જ ફરીયાદપક્ષના સાહેદ દશરથસિંહ સોલંકીએ બનાવ બાબતે રાહતળાવ ગામેથી કોઈનો ફોન આવતા પોતે પોતાનો ભત્રીજો નિખિલ અને અનિતા રાહતળાવ ગામે ગયેલા હોવાનુ જણાવેલ છે.

આમ, સદર સાહેદના મૌખિક પુરાવા ઉપરથી ફરીયાદપક્ષના કેસને કોઈ પ્રકારે સમર્થન મળતુ નથી અને ફરીયાદપક્ષનો કેસ ચોકકસપણે નબળો પડતો જણાય છે.

**૨૫.** હવે જોઈએ તો, ફરીયાદપક્ષે લક્ષ્મીબેન રતનસિંહ પરમાર ને આંક –૭૨ થી સાહેદ તરીકે તપાસેલા છે. આ સાહેદ લક્ષ્મીબેન તે જ કાળીબેન છે કે જેને મળવા માટે ફરીયાદી, તેના બનેવી શંકરસિંહ અને તેનો મિત્ર હરીશ રાહતળાવ ગામે ગયેલા હતા. આ સાહેદે પોતાના આંક–૭૨ ના મૌખિક પુરાવામાં આ કામના ફરીયાદી દિપકભાઈ સાથે જો પોતે લગ્ન નહિ કરે તો, દિપકભાઈ

તેના ઘરના લોકોને કેસ કરી ફસાવી દેવાની ધમકી આપતા હોવાની અને તે બાબતે પોતે કાલોલ પોલીસ સ્ટેશનમા અરજી આપેલી હોવાની અને ફરીયાદી દિપકભાઇએ પોતાની પાસેથી પોતાનુ સ્કુલ લિવિંગ સર્ટિફિકેટ અને આધારકાર્ડ લીધેલા હોવાની અને પોતે પરત માંગવા છતા ફરીયાદી આ દસ્તાવેજો પરત આપતા ન હોવાની અને પોતાને ફોન કરી  મારી નાખવાની ધમકી આપતા હોવાની હકીકત જણાવી છે. ફરીયાદવાળા બનાવ બાબતે પોતે કશુ જાણતા ન હોવાનુ જણાવે છે અને વિ.મદદનીશ સરકારી વકીલશ્રી એ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ હોવા છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર ઉપસ્થિત થયેલી નથી.

તેવી જ રીતે જોઈએ તો, ફરીયાદીએ પોતાની ફરીયાદમાં બનાવના દિવસે પોતાની સાથે પોતાનો મિત્ર હરીશ લક્ષ્મ સિંહ સોલંકી  રાહતળાવ ગામે આવેલા હોવાની અને આ બનાવમાં આરોપીઓના મારથી બચવા નાસી છુટેલા હોવાની હકીકત જણાવેલી હોવા છતા આ હરીશ લક્ષ્મણસિંહ સોલંકી ને ફરીયાદપક્ષના સાહેદ તરીકે તપાસવામાં આવેલા નથી તે પણ ફરીયાદપક્ષની ખામી છે.

**૨૬.** આ કામે ફરીયાદપક્ષના પુરાવાઓનુ ઉપરોકત તુલનાત્મક વિશ્લેષણ, પૃથ્થકરણ અને મુલ્યાંકન જોતા તે સ્પષ્ટ થઈ જાય છે કે, ફરીયાદપક્ષના દરેક સાહેદો આરોપીઓની સંખ્યા, આરોપીઓ એ બનાવ વખતે ઉપયોગમા લીધેલ હથીયારો, આરોપીઓની બનાવ વખતની વર્તણૂંક અને બનાવ સાથે સબંધિત તમામ મહત્વની

ઘટનાઓ વિશે અલગ અલગ હકીકતો જણાવી રહયા છે. વાસ્તવમા ફરીયાદપક્ષના કેસને અનુરૂપ સચોટ અને યોગ્ય પુરાવો ફરીયાદપક્ષના એકપણ સાહેદે રજુ રાખેલો જ નથી.

ત્યારબાદ હવે આ કામે જોઈએ તો, આ કામના આરોપીઓ ઉપર ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૫, ૩૨૬, ૩૬૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબના ગુન્હાના આચરણનો આક્ષેપ છે. પરંતુ, સદર કેસની ચાલુ કાર્યવાહી દરમ્યાન અને લગભગ અંતિમ તબકકે ઘરમેળે અને ગામ રાહે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે જે અંગે ની જાહેરાત ફરીયાદી અને તેના સાહેદ શંકરભાઈ નાઓએ આંક –૭૩ થી પુરશીસ રજુ રાખી કરેલી છે અને વધુમા જાહેર કરેલ છે કે, તેઓ હવે આ કેસ આગળ ચલાવવા માંગતા નથી. આ હકીકતના સંદર્ભમા જોવામાં આવે તો, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૦ થી સમાધાન અંગેની જોગવાઈ કરવામાં આવેલી છે. જેમાં પેટા કલમ–૧ ની જોગવાઈ અનુસાર તેમા દર્શાવેલા ગુન્હાઓ બાબતે પક્ષકારો સ્વેચ્છાએ સમાધાન કરી શકે છે અને તેને માટે પક્ષકારોએ અદાલત ની પરવાનગીની જરુર નથી. આથી, સી.આર.પી.સી.કલમ–૩૨૦(૧) અનુસાર ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪ તે સ્વૈચ્છીક સમાધાન પાત્ર કલમો હોઈ અને તેમાં અદાલતની પરવાનગી ની જરુર ન હોય જેથી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ તથા ૫૦૪ મુજબનુ સમાધાન રેકર્ડ કરવામાં આવેલ છે. જયારે સી.આર.પી.સી. કલમ–૩૨૦(૨) મુજબ જોઈએ તો, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫ મુજબના ગુન્હાના કામે આ અદાલતની પરવાનગીથી સમાધાન થઈ શકે તેવી જોગવાઈ કરવામાં આવેલી છે.

આ કામના પક્ષકારો વચ્ચે સ્વૈચ્છીક રીતે સમાધાન થયેલ છે જેના કારણે ભવિષ્યના વિખવાદો અને તકરારોનો અંત આવશે અને પક્ષકારો વચ્ચેના સબંધો યથાવત જળવાઈ રહેશે તે હકીકત ધ્યાને લઈ આ અદાલત ધ્વારા ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૨૫ અન્વયે સમાધાન કરવાની પક્ષકારો ને પરવાનગી આપવામા આવે છે.

જયારે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૬ મુજબના ગુન્હાના કામે વિચારણા કરીએ તો, આ કામે અગાઉ ચર્ચામા જોયુ તે મુજબ આરોપીઓની સંખ્યા અને હથીયારો બાબતે ફરીયાદ પક્ષ કોઈ ચોકકસ કે નકકર પુરાવો રજુ રાખી શકયો નથી. વળી, સાહેદ શંકર સિંહ કાંતીસિંહ દરબાર ને વાસ્તવમા કોણે અને ચોકકસ કયા હથીયારો વડે ઈજા પહોંચાડી અને તેને કારણે આ શંકરસિંહ ને કેટલા દિવસ સારવાર હેઠળ રહેવુ પડેલુ તે હકીકત પણ ફરીયાદ પક્ષ યોગ્ય રીતે પુરવાર કરી શકયો નથી. આથી, આરોપીઓને ભારતીય દંડ સં હિતાની કલમ–૩૨૬ મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. જયારે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૫ અન્વયે વિચારણા કરીએ તો, તે જોગવાઈ ગેરકાયદેસર અટકાયત કરવા માટે અપહરણ કરવા અંગેની છે. હાલના કીસ્સામાં ફરીયાદી તથા તેના સાહેદો સ્વેચ્છાએ રાહતળાવ ગામે ગયેલ છે. આ સં જોગોમા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૫ ની જોગવાઈ પણ લાગુ પડતી નથી. બનાવ બાદ પણ ફરીયાદી તથા સાહેદો તેઓનુ જીવન નિયમિત રીતે રોજીંદા ક્રમમા જીવતા આવેલા છે તે જોતા ફરીયાદી કે સાહેદો ને આરોપી પક્ષ તરફથી જીવનુ જોખમ ન હોવાનુ અને તે રીતે આક્ષેપિત કલમ–૫૦૬(૨) પુરવાર થતી ન

હોવાનુ ફલીત થાય છે. જયારે આ કામે સમગ્ર કાર્યવાહી દરમ્યાન ફરીયાદ પક્ષે બનાવ સમયે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી નુ હથીયારબંધીનુ જાહેરનામુ અમલમા હોવા બાબતે કોઈ પુરાવો રજુ રાખેલ નથી આથી, આરોપીઓ વિરુધ્ધ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનહાનુ આચરણ પણ પુરવાર થતુ જણાતુ નથી.

આથી આ કામે કરવામાં આવેલી ઉપરોકત તમામ ચર્ચાઓ અને પુરાવાનુ વિશ્લેષણ તથા પક્ષકારો વચ્ચે ચાલુ કાર્યવાહી દરમ્યાન થયેલ સમાધાનની હકીકતો ધ્યાને લેતા આ કામે ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો પોતાનો હાલનો આ કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતો હોય અને તેથી આરોપીઓ આક્ષેપિત ગુન્હાના કામે નિર્દોષ છુટવા હકકદાર બનતા હોવાનુ આ અદાલતનુ માનવાનુ થતુ હોઈ જેથી મુદ્દા નંબર–૧ નો જવાબ ''નકારાત્મક '' ઠરાવી  મુદ્દા નંબર–ર અન્વયે ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપીઓ (૧) અંકિતકુમાર નરવતભાઈ પરમાર, (ર) સુરેખાબેન ઉર્ફે ભુરીબેન અક્ષયકુમાર પરમાર, (૩) મયુરકુમાર ઉર્ફે ગટી ગણપતભાઈ પરમાર, (૪) જયેશભાઈ ઉર્ફે જયદિપભાઈ ભારતભાઈ પરમાર, તમામ રહે. રાહ તળાવ, તળાવ ફળીયા, તા.હાલોલ, જી.પંચમહાલ નાઓને ઈ.પી.કો.ક.૩ર૩, ૩ર૫, ૩ર૬, ૫૦૪, ૫૦૬(ર), ૩૬૫, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના શિક્ષા ને પાત્ર ગુન્હાના આરોપમાંથી ક્રિ.પ્રો.કોડ ની

કલમ–૨૪૮ (૧) હેઠળ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે લીધેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૪૩૭(એ) મુજબ રુા. ૧૦,૦૦૦/–ના ખત તથા જામીનખત અપિલ પિરિયડ સુધીના આપવા હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ:–હાલોલ
તારીખ : ૦૫/૦૩/૨૦૨૬

**(રાજેશકુમાર બટુકલાલ જોષી)**
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
હાલોલ.
જજકોડ નં. જી.જે.૦૦૯૫૨.

એન.એમ.વાળંદ.